Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# જૈનધર્મ પ્રકાશ.

## પુસ્તક ૨૯ મું.

### शार्दूलविक्रिडितम्.

ये जीवेषु दयालवः स्पृशति यान् स्वल्पोपि न श्रीमदः
श्रांता ये न परोपकारकरणे हृष्यंति ये याचिताः ।
स्वस्थाः सत्स्वपि यौवनोदयमहाव्याधिप्रकोपेषु ये
ते लोकोत्तरचारुचित्रचरिताः श्रेष्ठाः कति स्युर्नराः ॥

"જે જીવોને વિષે દયાળુ છે, જેને દ્રવ્યનો મદ સ્વલ્પ પણ સ્પર્શ કરતો નથી; જે પરોપકાર કરવામાં થાકતા નથી, જે યાચના કર્યા સતા ખુશી થાય છે, યૌવનના ઉદયરૂપ મહાવ્યાધિનો પ્રકોપ થયે સતે પણ જે સ્વસ્થ રહે છે; એવા લોકોત્તર આશ્ચર્યકારી મનોહર ચરિત્રવાળા શ્રેષ્ઠ કેટલાક જ મનુષ્યો હોય છે અર્થાત્ બહુ અલ્પ હોય છે." સુક્તમુક્તાવલિ.

સંવત ૧૯૬૯ ના ચૈત્રથી સંવત ૧૯૭૦ ના ફાગણ સુધી અંક ૧૨.

પ્રકટ કર્ત્તા.

**श्री जैनधर्म प्रसारक सभा.**

**ભાવનગર.**

વિક્રમ સંવત ૧૯૬૯-૭૦ શાકે ૧૮૩૫ ઈસ્વીસન ૧૯૧૩-૧૪

વીર સંવત ૨૪૩૯-૪૦

भावनगर—आनंद प्रीन्टींग प्रेस.

વાર્ષિક-મૂલ્ય રૂ. ૧-૦-૦ બહારગામવાળાને પોસ્ટેજ સાથે રૂ. ૧-૪-૦

દરવર્ષે ભેટ તરીકે જૈનપંચાંગ ને એક સારી બુક આપવામાં આવે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# वार्षिक अनुक्रमणिका.


વિષય. પૃષ્ટ.

૧ નુતન વર્ષ પ્રારંભે પ્રભુ પ્રાર્થના. પદ્ય (કવિ સાંકળચંદ) ૧
૨ અભણ ને વિદ્વાનનો સંવાદ. „ „ ૨
૩ નવું વર્ષ. ૪
૪ શ્રી હીરવિજય સૂરીશ્વરના ચરિત્રમાંથી કેટલીએક મહત્વની હકીકતો. (મુનિ રતનવિજયજી) ૯
૫ સુક્તમુક્તાવળી (સન્મિત્ર કર્પૂરવિજયજી)
  ૧ દેવાધિદેવ અરિહંત ભગવાન કેવા છે ? (દેવતત્ત્વ)
  ૨ ગુરૂતત્ત્વ
  ૩ ધર્મતત્ત્વ.
  ૪ સમ્યગ્ જ્ઞાનના અભ્યાસથીજ સાચી સમજ આવે છે.
  ૫ મનુષ્ય જન્મની દુર્લભતા.
  ૬ સજ્જનોની બલિહારી.
  ૭ ગુણરાગીને ગુણગ્રાહીપણાના ફાયદા.
  ૮ ન્યાયાચરણ આદરવાની આવશ્યકતા.
૬ શ્રાવકના વ્રત ઉપરનીકથા (વાસુપૂજ્યચરિત્ર.)
  ૧ પ્રથમ વ્રત ઉપર સુર અને ચંદ્રની કથા.
  ૨ દ્વિતીય વ્રત ઉપર હંસરાજાની કથા.
  ૩ તૃતીય વ્રત ઉપર લક્ષ્મીપુંજની કથા.
  ૪ ચતુર્થ વ્રતોપરિ નાગિલની કથા.
  ૫ પંચમ વ્રતોપરિ વિદ્યાપતિની કથા.
  ૬ ષષ્ઠ વ્રતોપરિ સિંહશ્રેષ્ટીની કથા.
૭ આઠમી કોન્ફરન્સની રીસેપ્શન કમીટીના પ્રમુખનું ભાષણ.
૮ એક અનુકરણીય સ્તુત્ય પગલું (રૂ ૧૫૦૦૦ ની સખાવત)
૯ ઘણું જીવો લખતરના નામદાર ઠાકોર સાહેબ (જીવદયા)
૧૦ સાધારણ જિનસ્તવન (સમશ્લોકી) (માવજી દામજી શાહ) ૩૬
૧૧ બાળા ને બહેનોને હિતશિક્ષા (કવિ સાંકળચંદ)
૧૨ તીર્થયાત્રા (મૌક્તિક)
૧૩ વર્તમાન સમાચાર.
૧૪ આઠમી કોન્ફરન્સના પ્રમુખનું ભાષણ.


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


| | | |
|---|---|---|
| ૩૯ | સ્વપરેનાં હિતાર્થે શાસ્ત્રકારોનો સદુપદેશ (સન્મિત્ર કર્પૂરવિજયજી) | ૧૬૫ |
| ૪૦ | તીર્થસ્થળે શાસ્ત્રનીતિ પ્રમાણે વર્તન રાખવાની જરૂર (મુ. ક. વિ.) | ૧૬૬ |
| ૪૧ | જૈનાગમ પ્રકાશન કાર્ય | ૧૯૦ |
| ૪૨ | એક ખુશી સમાચાર | ૧૯૪ |
| ૪૩ | ખમવું ને ખમાવવું. | ૧૯૪ |
| ૪૪ | નવો જમાનો. પદ્ય (કવિ સાંકળચંદ) | ૧૯૫ |
| ૪૫ | રાંધણપુર જૈનમંડળનો બીજો વાર્ષિક રિપોર્ટ | ૨૨૨ |
| ૪૬ | ગોધામાં યાત્રાળુ માટે સગવડ. | ૨૨૩ |
| ૪૭ | વીશસ્થાનક તપ સંબંધી બે બુકોની પહોંચ ને અવલોકન. | ૨૨૫ |
| ૪૮ | પૈસા ખરચ્યા વિના સ્વર્ગે જવાનો એક રસ્તો. | ૨૨૬ |
| ૪૯ | સ્ત્રીહિતશિક્ષા. પદ્ય ( કવિ સાંકળચંદ ) | ૨૨૭ |
| ૫૦ | પ્રશમરતિ પ્રકરણ મૂળ, અર્થ, વિવેચન ( મુ. ક. વિ. ) | ૨૨૯ |
| ૫૧ | એક ઉત્તમ કારખાનું ( નેમચંદ ગીરધરલાલ ) | ૨૫૦ |
| ૫૨ | ઇટાલીનો જૈનો પ્રત્યે પત્ર ને જૈનોની ફરજ | ૨૫૪ |
| ૫૩ | આબુજીના દેરાસરમાં બુટ પહેરીને ન જવાનો સરકારી ઠરાવ. | ૨૫૭ |
| ૫૪ | મન પ્રબોધક પદ ( કવિ સાંકળચંદ ) | ૨૫૯ |
| ૫૫ | બ્રહ્મચર્યની વાડોનો ટુંક સારાંશ ( સન્મિત્ર કર્પુરવિજયજી ) | ૨૬૦ |
| ૫૬ | " વનં હિ સાત્વિકો વાસ." ,, | ૨૬૪ |
| ૫૭ | મહાપુરૂષના ઉત્તમ લક્ષણ. ,, | ૨૬૫ |
| ૫૮ | નવપદનું યથાવિધ સેવન કરવા પ્રેરક વચન ,, | ૨૬૭ |
| ૫૯ | જીવદયાના હિમાયતીને પ્રસ્તાવિક બે બોલ. ,, | ૨૬૮ |
| ૬૦ | જૈનબંધુઓને ધ્યાન રાખવા લાયક જાહેર ખબર. | ૨૯૦ |
| ૬૧ | જૈન બાળપોષક શ્રીવીરજિન સ્તુતિ. (પદ્ય) પા. ગો. સાંગાણી. | ૨૯૧ |
| ૬૨ | સંસારની અસારતા યાને જિનસ્તુતિ. ,, | ૨૯૨ |
| ૬૩ | તપચિંતવન ( રાત્રી પ્રતિક્રમણમાં કાયોત્સર્ગ ) | ૩૦૪ |
| ૬૪ | ડો. હર્મન જેકોબીનું હિંદુસ્થાનમાં આગમન | ૩૦૯ |
| ૬૫ | શેઠ ભગુભાઇ પ્રેમચંદને ત્યાં ઉજમણાનો મહોત્સવ. | ૩૧૩ |
| ૬૬ | જિનાગમ પ્રકાશનના કાર્યકર્ત્તાઓને સૂચના–દ્રવ્યાનુયોગ તર્કણાનું અવલોકન. | ૩૧૫ |
| ૬૭ | પિંડપિંજર. પદ્ય ( કવિ સાંકળચંદ ). | ૩૨૩ |
| ૬૮ | પ્રકિર્ણ વિચારો ( સન્મિત્ર કર્પૂરવિજયજી ) | ૩૨૪ |
| ૬૯ | એક હૃદય દ્રાવક સંધ્યા ( મૌક્તિક ) | ૩૪૦ |
| ૭૦ | જૈન સાહિત્ય સંમેલન માટે હિલચાલ. | ૩૫૩ |
| ૭૧ | ગૃહસ્થનો સામાન્ય ધર્મ. પદ્ય ( દુર્લભજી ગુલાબચંદ ) | ૩૫૫ |
| ૭૨ | સોપક્રમી કર્મવિચ્છેદના હેતુ. | ૩૬૩ |
| ૭૩ | જૈનધર્મની વિદ્યમાન તપશ્ચર્યા ( મુનિ પુણ્યવિજયજી ) | ૩૭૫ |
| ૭૪ | વિધવાઓના હિત માટે એક સ્રોલેખ ( વાલી વીરચંદ ) | ૩૮૫ |


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

REGISTERED No. B. 156.

શ્રી

# જૈનધર્મ પ્રકાશ.

## शार्दूलविक्रीडितम्.

ये जीवेषु दयालवः स्पृशति यान् स्वल्पोपि न श्रीमदः
श्रांता ये न परोपकारिकरणे हृष्यंति ये याचिताः ।
स्वस्थाः सत्स्वपि यौवनोदयमहाव्याधिप्रकोपेषु ये
ते लोकोत्तरचारुचित्रचरिताः श्रेष्ठाः कति स्युर्नराः ॥

જેને જીવદયા વસી મનવિષે, લક્ષ્મીતણો ગર્વ નહીં,
ઉપકારે નહીં થાક, યાચકગણે આલ્હાદ માને સહી;
શાંત ચિત્તતણી, જુવાની મદનો, રોગે હણાયે નહી,
એવા સુંદર શ્રેષ્ટ મુક્ત ગુણથી શોધ્યે જવલ્લે મળી.

પુસ્તક ૨૯ મું. ચૈત્ર. સંવત્ ૧૯૬૯. શાકે ૧૮૩૫. અંક ૧ લો.

પ્રગટ કર્ત્તા.
શ્રી જૈનધર્મ પ્રસારક સભા. ભાવનગર.

अनुक्रमणिका.


| | | |
|---|---|---|
| ૧ | નુતનવર્ષે પ્રારંભે પ્રભુપ્રાર્થના. | ૧ |
| ૨ | અભણ અને વિદ્વાનનો વિવાદ. | ૨ |
| ૩ | નવું વર્ષ. | ૪ |
| ૪ | શ્રી હીરવિજય સૂરીશ્વરના ચરિત્રમાંથી કેટલીએક મહત્વની હકીકતો. | ૯ |
| ૫ | સુક્તમુક્તાવળી... | ૧૧ |
| ૬ | શ્રાવકનું પ્રથમ વ્રત. ( કથા ) | ૨૪ |
| ૭ | આઠમી કોન્ફરન્સની રીસેપ્શન કમીટીના પ્રમુખનું ભાષણ. | ૨૮ |
| ૮ | એક અનુકરણીય સ્તુત્ય પગલું. | ૩૧ |
| ૯ | ઘણું જીવો લખતરના નેક નામદાર ઠાકોર સાહેબ. | ૩૨ |


શ્રી "સરસ્વતી" છાપખાનું—ભાવનગર.

મૂલ્ય રૂ. ૧) પોસ્ટેજ રૂ. ૦-૪-૦ ભેટ સાથે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## લાઇફ મેમ્બરોને ભેટ.

અમારી સભાના લાઇફ મેમ્બરોને ચાલુ વર્ષની ભેટ તરીકે આપવાના નીચેના પુસ્તકો મુકરર થઇ ગયા છે અને તે તૈયાર પણ થઇ ગયા છે. થોડા દિવસમાં મોકલવાનું શરૂ કરવામાં આવશે.

શ્રી પંચાશક ગ્રંથ ટીકા સહિત. ( સંસ્કૃત )

શ્રી કર્મગ્રંથ ટીકા વિભાગ રજો. (કર્મગ્રંથ ૫મો, ૬ઠ્ઠો તથા સંસ્કૃત ૪ કર્મગ્રંથ.)

શ્રી જ્ઞાનસાર ટીકા સહીત. ( સંસ્કૃત )

શ્રી પરિશિષ્ટ પર્વ-પદ્યબંધ ,,

શ્રી પ્રમેયરત્નકોષ-ન્યાયનો ગ્રંથ. મૂળ. ( સંસ્કૃત )

શ્રી પ્રકરણો ઉપરના સ્તવનાદિનો સંગ્રહ. ગુજરાતી પદ્યબંધ.

શ્રી ધનપાળ પંચાશિકા. ટીકા તથા અર્થ યુક્ત અનેકવણ તીર્થોના કલ્પો સાથે.

શ્રી તત્ત્વવાર્તા તથા લક્ષ્મી સરસ્વતીનો સંવાદ. ( ગુજરાતી ભાષામાં )

ઉપર જણાવેલા આઠ ગ્રંથો પૈકી પ્રથમના પાંચ ગ્રંથો તદન સંસ્કૃતમાં છે અને તે સંસ્કૃત ભાષાના પણ સારા અભ્યાસીને ઉપયોગી થઇ પડે તેમ છે તેથી તેમાંના પ્રથમના ત્રણ ગ્રંથો જે લાઇફ મેમ્બર ખાસ મોકલવા ફરમાવશે તેમનેજ મોકલવામાં આવશે અને બાકીના પાંચ તો સર્વને મોકલવામાં આવશે.

ઉપરના ગ્રંથો પોસ્ટેજ પૂરતાજ વેલ્યુપેબલથી મોકલવામાં આવશે.

આઠે વસ્તુની ઇચ્છાવાળા લાઇફ મેમ્બરે તરતમાંજ પત્ર લખવા તસ્દી લેવી.

જે પોતે નહીં મંગાવે તેનીવતી એ ગ્રંથો સાધુ સાધ્વી વિગેરેને ભેટ આપવામાં આવશે જેથી તેનો સદુપયોગ થશે ને તેને લાભ મળશે.

---

## ઉપરના ગ્રંથો કિંમતથી મંગાવનારને માટે પણ નીચે પ્રમાણે સગવડ રાખવામાં આવી છે.

| | | | પોસ્ટેજ. |
|---|---|---|---|
| ૧ | શ્રી પંચાશક ગ્રંથ સટીક. ફા. ૫૦ શ્લોક ૧૦૦૦૦ | રૂ ૨॥ | ૦।− |
| ૨ | શ્રી કર્મગ્રંથ ટીકા યુક્ત વિભાગ રજો. ફા. ૪૦ શ્લોક ૮૦૦૦ | રૂ ૨) | ૦। |
| ૩ | શ્રી જ્ઞાનસાર ટીકાયુક્ત. ફા. ૧૪ શ્લોક ૩૦૦૦ | રૂ ૦॥। | ૦)=॥ |
| ૪ | શ્રી પરિશિષ્ટ પર્વ. ફા. ૨૨ શ્લોક ૪૦૦૦ | રૂ ૧) | ૦)≡ |
| ૫ | શ્રી પ્રમેયરત્નકોષ. ફા. ૬ શ્લોક ૧૨૦૦ | રૂ ૦। | ૦)− |
| ૬ | શ્રી પ્રકરણો વિગેરેના સ્તવનાદિનો સંગ્રહ. | રૂ ૦॥ | ૦)−॥ |
| ૭ | ધનપાળ પંચાશિકા. ટીકા અર્થયુક્ત. | રૂ ૦)≡ | ૦)૩। |
| | તત્ત્વવાર્તા ને લક્ષ્મી સરસ્વતીનો સંવાદ. | રૂ ૦)≡ | ૦)૩। |

* બહારગામથી મંગાવનારને પોસ્ટેજ ઉપરાંત એક આનો વેલ્યુપેબલનો લાગશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# श्री जैन धर्म प्रकाश.

भो भो भव्याः प्रदीप्तभवनोदरकल्पोऽयं संसारविस्तरो निवासः शारीरादिदुःखानां । न युक्त इह विदुषः प्रमादः । अतिदुर्लभेयं मानुषावस्था । प्रधानं परलोकसाधनं । परिणामकटवो विषयाः । विप्रयोगान्तानि सत्सङ्गतानि । पातभयातुरमविज्ञातपातमायुः । तदेवं व्यवस्थिते विध्यापनेऽस्य संसारप्रदीपनकस्य यत्नः कर्तव्यः । तस्य च हेतुः सिद्धान्तवासनासारो धर्ममेघः । अतः स्वीकर्तव्यः सिद्धान्तः । सम्यक् सेवितव्यास्तदभिज्ञाः । भावनीयं मुण्डमालिकोपमानं । त्यक्तव्या खल्वसदपेक्षा । भवितव्यमाज्ञाप्रधानेन । उपादेयं प्रणिधानं । पोषणीयं सत्साधुसेवया । रक्षणीयं प्रवचनमालिन्यं । एतच्च विधिप्रवृत्तः संपादयति । अतः सर्वत्र विधिना प्रवर्तितव्यं । सूत्रानुसारेण प्रत्यभिज्ञातव्यमात्मस्वरूपं । प्रवृत्तावपेक्षितव्यानि निमित्तानि । यतितव्यमसंपन्नयोगेषु । लक्षयितव्या विस्रोतसिका । प्रतिविधेयमनागतमस्याः । भवत्येवं प्रवर्तमानानां सोपक्रमकर्मविलयः । विच्छिद्यते निरुपक्रमकर्मानुबन्धः । तस्मादत्रैव यतध्वं यूयमिति ॥ । उपमितिभवप्रपञ्चा कथा ।

પુસ્તક ૨૯ મું. ચૈત્ર સં. ૧૯૬૯. શાકે ૧૮૩૫. અંક ૧ લો.

## नुतनवर्ष प्रारंभे प्रभुप्रार्थना.

રાગ-કાફી

( મહીનું મૂલ બતાવ, પ્રેમદા પ્રેમ કરીરે—મહીનું૦ એ રાગ )

શ્રી જૈનધર્મ પ્રકાશ. પ્રણમું હું પ્રેમ ધરીરે.-શ્રી૦ ટેક
નુતનવર્ષ પ્રારંભે પ્રભુની, મંગલ સ્તુતિ કરૂં આજ;
અંતીમ[1] જિનપતિ અરજ સ્વીકારી, સારો શાસન કાજ,
કરૂણા નજર કરીરે. શ્રી૦ ૧
પાઠકગણ મમ પાઠ ભણીને, [2]પુરૂષારથ કરે સિદ્ધ;

1 છેલ્લા 2 ધર્મ, અર્થ, કામ અને મોક્ષ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એવી ગતિ મતિ દ્યો શાસનપતિ, કૃપાસિંધુ છો પ્રસિદ્ધ,
કીર્ત્તિ જગ પ્રસરીરે. શ્રી૦ ૨
વર્ષ ઓગણત્રીશની મુજ ઉમ્મર, મધ્યમ વયમાં વિવેક;
પ્રૌઢ વિચાર સાર વિસ્તારી, શાસ્ત્ર સંમત લખું લેખ,
પ્રતિભા દ્યો ઉદ્ધરીરે. શ્રી૦ ૩
સહાયક લેખક કાર્યવાહકો, સૌ મુજ અંગ અભંગ;
સુમતિ આપી કુમતિ કાપો, વ્યાપો ઉર ઉછરંગ,
બાજી હાથ ખરીરે. શ્રી૦ ૪
તત્ત્વાતત્ત્વ પ્રકાશ કરૂં હું, સૂત્ર ગ્રન્થ અનુસાર;
કલ્પિત કથન ન લેશ ઉચ્ચારૂં, એ મુજ ટેક અપાર,
રાખું હૃદય [1]ધરીરે. શ્રી૦ ૫
સંપ જંપ સદ્ગુણ નીતિ શુભ, ભક્તિ અને વૈરાગ્ય;
એ શુભ લેખ લખી હરખાઉં, મધુર વદું જિન [2]વાણ,
નિંદા ન કરૂં જરીરે. શ્રી૦
અજર અમર અક્ષય અકલંકી, અવિનાશી મહાવીર;
સમરે **સાંકળચંદ** સવારે, પાપપંકહર નીર,
આપની છાપ ખરીરે. શ્રી૦ ૭

# अभण अने विद्वाननो विवाद.

**(પશુમાં પડી એક તકરાર, વાદવિવાદ ચલાવા પોતે, તુર્ત ભર્યો દરબાર. એ રાગ)**

**અભણને પંડીત તણો વિવાદ, થયો એક વેળા દરબારે,**
**સભા સુણે ફરિયાદ, આપવા નેક ન્યાયની દાદ. અભણને૦ ટેક.**
કહે અભણ મુરખ જન ભોજન, શયન કરે સુખ પેર;
ચિંતા કે કાંઇ ફિકર ન તેહને, મસ્ત કરે બહુ લ્હેર,
જરી નહિ કોઈ વાતે વિખવાદ. **અભણને૦** ૧
ભણવું ગણવું ને વળી ભૂલવું, ફરી ફરી કરવું યાદ;
મંન ને મગજમારીથી ઠરવું, નેત્ર તેજ બરબાદ,
મળે કયાં પરમેશ્વરનો ચાંદ. **અભણને૦** ૨

૧ ગ્રહી ૨ વાણી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અભણ રળે ને ભણ્યો ખૂવે ધન, ભાગ્ય પ્રમાણે હાલ;
ભણ્યો ગણ્યો કોઇ અગાઉ દોડે, અભણ ચડે સુખપાલ;
શું કરવા કરીએ કાંય વિવાદ ? **અભણને૦** ૩

કોટ બુટ ચશ્મા ને ટોપી, પાટલુન સોટી તોર;
મળે ન નોકરી સુઝે ન ધંધો, ફરે હરાયું ઢોર;
થાય નહિ મહેનત મિથ્યાવાદ. **અભણને૦** ૪

વળતું કહે વિદ્વાન્ અભણને, નિંદ્રા મૈથુન આહાર;
ભય સંજ્ઞા પશુ નરમાં સરખાં, જ્ઞાન મનુષ્યમાં સાર;
જ્ઞાનવિણ પશુથી નર બરબાદ. **અભણને૦** ૫

ચતુર ઘટે ચિંતા મૂરખ મન, નહિ ચિંતા કે ભાન;
તત્ત્વાતત્ત્વ લહે પંડિત જન, મુરખ જન મસ્તાન;
વિબુધ જન લે જ્ઞાનામૃત સ્વાદ. **અભણને૦** ૬

અભણ રળે વિદ્વાન ખુવે ધન, એ જુઠનો નહિ ન્યાય;
રાજા દેશ પૂજાય વિબુધજન, દેશ વિદેશ પૂજાય;
કરે નહિ પંડીત કદી પ્રમાદ. **અભણને૦** ૭

ભર્યો ન છલકે પંડીત મૂર્ખજન, ધરે વિદેશી વેષ;
વિબુધ દેશનો વેષ તજે નહિ, નમ્ર છકે નહિ લેશ;
વિબુધને વિદ્યાનો આસ્વાદ. **અભણને૦** ૮

જ્ઞાનીને આનંદ જ્ઞાનથી, મગજમારી નવ હોય;
ચર્મચક્ષુ કોઇ ચશ્મા ઘાલે, દિવ્યનેત્રથી જોય;
કરે મહેનત ભૂકે ખરનાદ. **અભણને૦** ૯

વિદ્યાધનને ચોર ન લૂંટે, ભાઇ ન માગે ભાગ;
પંથે પળતાં ભાર ન લાગે, ખરચે વધે અથાગ;
હંસમાં અભણ મૂર્ખ બકવાદ. **અભણને૦** ૧૦

રાજસભાએ કર્યો ન્યાય શુભ, જ્ઞાન સાર સંસાર;
વિબુધ વિશ્વમાં સાચો સૌથી, ધન્ય ધરા શણગાર;
વિબુધ ધન **સાંકળચંદ** આલ્હાદ. **અભણને૦** ૧૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# નવું વર્ષ.

અનંત ગુણગણ સંયુક્ત, અનંત ચતુષ્ટયના ભોક્તા, અનંત જીવોના હિતેચ્છુ, અનેક જીવોને ભવસમુદ્રથી પાર ઉતારનારા, એકાંત હિતવત્સલ શ્રી સર્વજ્ઞ પરમાત્માને ત્રિવિધે ત્રિવિધે પ્રણામ-નમસ્કાર કરીને હું ઘણા ઉત્સાહ સાથે આજે ૨૯ના આંકવાળા વર્ષમાં પ્રવેશ કરૂં છું. આ અંક દેખાવમાં જો કે અટપટો છે પરંતુ તેના બે વિભાગ જુદા પાડતાં તે અટપટો મટી જાયછે ને સરલ થાય છે. એમાંનો બેનો અંક અરિહંત સિદ્ધનું, બે પ્રકારના સર્વજ્ઞ ભાષિત ધર્મનું, રાગ ને દ્વેષ એ બે સર્વથા ત્યાજ્ય છે તેનું, દેવ અને ગુરૂ સંસારથી પાર ઉતારનારા છે તેનું અને સર્વજ્ઞ પરમાત્મા આ ભવમાં ને પરભવમાં બંને ભવમાં હિતકારી છે તેનું સ્મરણ કરાવે છે. નવનો આંક તો અખંડ છે. ગમે તેટલા અંકવડે ગુણતાં તે પોતાનું સ્વરૂપ તજતોજ નથી અને મારા જન્મમાસમાં ભવ્યજીવો જેનું અવશ્ય આરાધન કરે છે, શ્રીપાળ મહારાજા જેના આરાધનથી સર્વ સંકટથી રહીત થઇ નવમે ભવે મોક્ષ જવાના છે એવા નવપદનું-સિદ્ધચક્રનું સૂચન કરાવે છે. આ પ્રમાણે ૨૯ નો આંક પણ સાર ગ્રહણ કરવાના ઉત્સુક સજ્જનોને ઘણું હિતકારી સ્મરણ કરાવે છે. એ આંકવાળા વર્ષમાં હું પણ પ્રારંભમાં તે અંકથી સૂચન થતી બાબતોનું સ્મરણ કરીને તેમજ કરાવીને પ્રવેશ કરૂં છું.

પોતપોતાની વર્ષગાંઠ-જન્મ દિવસ દરેક મનુષ્યને આનંદ ઉત્પન્ન કરે છે. તેનું કારણ ગતવર્ષ નિર્વિઘ્ને પસાર થયાનું અને પોતાની વયમાં એક વર્ષનો વધારો થયાનું કહેવાય છે તે છે. નવું વર્ષ નિર્વિઘ્ને પસાર થવું તે પરમાત્માની કૃપા ઉપર આધાર રાખે છે, પરંતુ પ્રારંભમાંજ તે પરમાત્માનું સ્મરણ કરવામાં આવતું હોવાથી તે નિર્વિઘ્ન પરિસમાપ્તિની જામીનગીરી આપે છે.

ગતવર્ષમાં બે મોટા મેળાવડા થયા છે. તે બંને પૈકી એક હિંદુસ્થાનના સંઘના મેળાવડા તરીકે અને બીજો આઠમી કોન્ફરન્સ તરીકે જાહેરમાં આવેલ છે પરંતુ તે બંનેને કોન્ફરન્સ અથવા હિંદુસ્થાનના સંઘનો મેળાવડો કહીએ તો ચાલે તેમ છે. તે બંનેમાં ફેર માત્ર એટલોજ છે કે એકમાં માત્ર શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીની વ્યવસ્થાને લગતી ચર્ચા ચાલી છે અને તેને અનુસરતા ઠરાવો થયા છે, ત્યારે બીજામાં જૈનસમુદાયના હિતની દરેક બાબતો ચર્ચાણી છે ને તેને લગતા ઠરાવો થયા છે. આ ઠરાવો સંબંધી કેટલુંક વિવેચન કરવાની જરૂર છે કે જેથી તે ઠરાવો વર્તનમાં મુકી શકાય અને તેને વર્તનમાં મુકવા જૈનબંધુઓ આગ્રહી બને. પ્રસંગોપાત તેને લગતો લેખ મારા અંગ તરીકેજ લખવાની ઇચ્છા રખાય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે. આવતા વર્ષની કોન્ફરન્સ ( નવમી ) મળે ત્યાર અગાઉ તે વિવેચન જાહેરમાં મુકાવાથી અનેક પ્રકારનો ફાયદો થવા સંભવ છે.

ગત વર્ષમાં લેખની સંખ્યા તો બહુ વધી પડી છે. એટલે કે એકંદર ૮૦ ની સંખ્યા થઇ છે. તેનો ⅓ ભાગ તો **મુનિરાજ શ્રી કર્પૂરવિજયજી** મહારાજે રોકેલો છે. તેઓ સાહેબના એકંદર ૨૬ લેખો આવેલા છે, તે બધા ગદ્યબંધજ છે. તેમાં એક લેખ પ્રશમરતિના વિવરણનો માત્ર એક અંકમાંજ આપ્યો છે; એક લેખ ઇંગ્રેજી ચૌદ મુદ્રાલેખ સંબંધી બે અંકમાં પૂર્ણ કરવામાં આવ્યો છે; એક લેખ પ્રીતિ વિષે દુહાનો ગદ્યપદ્યાત્મક છે અને બાકીના લેખો ઘણે ભાગે શ્રી વિશેષાવશ્યક, ષોડશક, પંચાશક ને ઉપદેશતરંગિણીમાંથી ઉદ્ધરીને લખેલા છે; કેટલાએક પ્રકીર્ણ વિચાર, સુકૃત ફંડની યોજના વિગેરેના લેખો સ્વતંત્ર પણ લખેલા છે. તેમના લખેલા સર્વ લેખો અત્યુત્તમ હોવા સાથે બહુજ સાર–રહસ્યના ભરેલા છે અને સુજ્ઞ ગ્રાહક વર્ગ તેને ઘણા આદર સાથે વાંચે છે એમ જણાય છે. બીજા ગદ્ય લેખો પૈકી ૩૨ લેખો તંત્રી તરફથી લખાયેલા છે. તેમાં ગૃહસ્થનાં કર્ત્તવ્યોવાળો લેખ ત્રણ અંકમાં લખીને પૂર્ણ કરવામાં આવેલ છે અને ચંદરાજાના રાસ સંબંધી લેખના પાંચ અંકમાં ત્રણ પ્રકરણો સાર સહીત આપવામાં આવ્યા છે. એકંદર નવ પ્રકરણો થયા છે. દ્રવ્યાવશ્યક, અનધિક હિનાક્ષર શ્રુત, ધર્મના ચિન્હ, વનસ્પતિમાં જીવત્વ ને ઇંદ્રિય સ્વરૂપ આ પાંચ લેખો વિશેષાવશ્યક, ષોડશક અને લોકપ્રકાશમાંથી ઉદ્ધરીને લખેલા છે. નવું વર્ષ, મુખપૃષ્ટપરના શ્લોકનું વિવેચન અને ગ્રંથાવલોકન આ ત્રણ લેખ સ્વતંત્ર લખેલા છે. ગ્રંથાવલોકન માત્ર તત્વપ્રકાશ પાડનાળા ભાગ પહેલાનુંજ આ વર્ષમાં કરવામાં આવ્યું છે. બીજા પાંચ લેખો ખાસ જૈન વર્ગમાં ચર્ચા ચલાવવા માટેજ લખેલા છે. પ્રતિક્રમણમાં બોલાતું ઘી, પર્યુષણમાં શ્રાવકોની ફરજ, પ્રભુના અંગપર ચોડાતા ચાંદલા, સિદ્ધાચળપર મૂળનાયકજીની પૂજા અને વાળાકુંચી–આ પાંચે લેખો ગત વર્ષમાં લખેલા સાત જુદા જુદા લેખોની પંક્તિએ જૈન વર્ગમાં ખરૂં સ્વરૂપ જાહેર કરવા માટે લખ્યા છે. હજુ પણ એવી અનેક બાબતોના લેખ લખવા લાયક દ્રષ્ટિએ પડે છે. એક લેખ તપ ધર્મ સંબંધી કથામાં લખેલી તપ સંબંધી હકીકતના ખુલાસાનો છે. બાર લેખો વર્તમાન ચર્ચા કે વર્તમાન સમાચારને લગતા છે. પરંતુ તે દરેક બહુજ ઉપયોગી, નોંધ કરી રાખવા લાયક અને આગળ ઉપર પણ ઉપયોગી થઇ પડે તેવા છે. બીજા વર્તમાન લેખોની જેમ બીજે દિવસે નકામા થઇ પડે તેવા નથી. એ બાર લેખો પૈકી આબુજી ઉપર ગયેલ ડેપ્યુટેશન, મી. કોલ્વીનને આપેલ માનપત્ર, ગુજરાતી જૈન સાહિત્ય સંબંધી સાહિત્ય પરિષદના પ્રમુખે આપેલા વિચારો, મનિ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મહારાજાનું સંમેલન ને તેમાં થયેલા ઠરાવો, શેઠ આણંદજી કલ્યાણજી ને ભાવનગરનો સંઘ ( ચર્ચા પત્ર ), ખંભાતમાં થયેલ દીક્ષામહોત્સવ, શેઠ આણંદજી કલ્યાણજીના ઓડીટરોનો રીપોર્ટ, શેઠ આણંદજી કલ્યાણજી તરફથી શ્રી સંઘને આમંત્રણ, ધોળેરામાં મળેલો ઇનામ સંબંધી મેળાવડો, અમદાવાદમાં મળેલો શ્રી સંઘનો મેળાવડો અને તેમાં થયેલા ઠરાવો તથા મુલતાન ખાતે મળેલી આઠમી જૈન કોન્ફરન્સ ને તેમાં થયેલા ઠરાવો-આ તમામ લેખો ઘણાજ ઉપયોગી છે. હિંદુસ્થાનના સંઘના મેળાવડાવાળો લેખ બે અંકમાં આપવામાં આવ્યો છે. એક લેખ સેરીસા ગામમાં નીકળેલા બિંબો અને બાવન જિનાલયવાળા દેરાસરની હકીકત સંબંધી આપવામાં આવ્યો છે. આ લેખો જૈન સમુદાયની પરસ્પરની સંપની લાગણી જળવાઈ રહેવાના હેતુથી, સમુદાયના હિત માટે કોઈના પણ તરફથી કરવામાં આવતા સમુદાયના હિતને લગતા સત્કાર્યનું કાયમ સ્મરણ રહેવા માટે લખવામાં આવ્યા છે.

ચાર લેખો ઉત્તમ પુરૂષોના અંતસમયની નોંધને લગતા છે. તેમાં સરદાર શેઠ લાલભાઈ દલપતભાઇ ને નગરશેઠ ચીમનભાઇ લાલભાઇના ખેદકારક મરણની નોંધ ટુંકામાં આપવામાં આવી છે અને શેઠ મનસુખભાઇ ભગુભાઇના મરણની નોંધ તેમના ટુંકા ચરિત્ર સાથે આપવામાં આવી છે. પરમોપગારી **પન્યાસજી શ્રી ગંભીર વિજયજી મહારાજના** અત્યંત ખેદકારક મૃત્યુની નોંધ તેમના ટુંક ચરિત્રાદિ સાથે બે અંકમાં જુદા જુદા હસ્તથી લખાઇને પ્રગટ થએલ છે. તેમાં એક મૈક્તિકની લખેલ છે અને બીજી તંત્રીની લખેલ છે આ શિવાય બીજી ખેદકારક નોંધો ટાઇટલ ઉપર આપવામામાં આવેલી હોવાથી તે આમાં ગણાયેલ નથી.

તંત્રીના લખેલા લેખોનું રહસ્ય આ પ્રમાણે છે. તે શિવાય બીજા લેખકોના લખેલા ૨૦ લેખો છે તેમાં ૯ પદ્યાત્મક છે ને ૧૧ ગદ્યાત્મક છે. ગદ્યાત્મક લેખોમાં બે **મૈક્તિક**ના લખેલા છે, તેમાં એક સપ્તમ સૌજન્ય સંબંધી છે ને એક ચાલુ પરિસ્થિતિ સંબંધી પ્રકીર્ણ વિચારોનો છે. તે લેખ ત્રણ અંકમાં આપવામાં આવેલો છે. પાંચ લેખો મૈક્તિકના લઘુબંધુ **નેમચંદ ગીરધરલાલ**ના લખેલા આપવામાં આવ્યા છે. તેમાંના ચાર ઇંગ્રેજી ઉપરથી લખેલા છે પરંતુ તે ખાસ વાંચવા લાયક, લક્ષ આપવા લાયક અને અનુકરણ કરવા લાયક છે. તેમાંના કેટલાક વાકયો તો અમૂલ્ય કહી શકાય તેવા છે. એક લેખ 'ભાવપૂજામાં સ્તવન કેવાં બોલવાં ?' તે વિષેનો છે. આ લેખ ચર્ચા ચલાવવા લાયક છે. એ લેખ, સ્ત્રીઓ કે પુરૂષો સ્તવન કયાં, કયારે અને કયે પ્રસંગે કે કયે દિવસે બોલવાનું છે તેનો વિચાર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કર્યા શિવાય જે તે સ્તવન જ્યાં ત્યાં, જ્યારે ત્યારે બોલે છે તેનો વિચાર કરવા માટે લખાયેલો છે. બીજા ચાર ગદ્યાત્મક લેખ પરભાર્યા લેખકોના છે. તેમાં એક બ્રહ્મચર્યપ્રકાશ નામનો **ખીમચંદ ભુધરદાસ**નો લખેલો છે, એક વૈરાગ્ય શતકના ભાષાંતરનો **ઝવેરચંદ કાળીદાસ ટોળીઆ**નો લખેલો છે. તે ચાર અંકમાં પૂર્ણ કરેલો છે. એક દશ અવતાર વિષેનો જૈન શાસનમાંથી લીધેલો છે અને એક જૈન વર્ગમાં ભણેલાની સંખ્યા કેટલી છે? તે મુંબઈ સમાચારમાંથી લીધેલો છે. બાકીના બે લેખ શ્રી વાસુપૂજ્ય ચરિત્રમાંથી કથાઓના ભાષાંતર કરાવીને દાખલ કરેલ છે તે છે. તેમાં એક તપ ધર્મ ઉપર સંવરની કથાનો છે, ને એક સમ્યક્ત્વ ઉપર વિક્રમની કથાનો છે. તે કથાઓ અપૂર્વ છે.

પદ્યાત્મક લેખો પૈકી પ્રારંભના બે જૈનયાચક તરીકે ઓળખાતા ગીરધરલાલ હેમચંદના છે. છ લેખ કવી સાંકળચંદ પીતામ્બરદાસના છે. તેમાં ચાર તો અનિત્યાદિ ચાર ભાવના ઉપર ઘણા અસરકારક લખેલા છે. એક લેખ વૈરાગ્ય શતકના સમશ્લોકી ભાષાંતરનો પન્નાલાલ હાઈસ્કુલના ધર્મ શિક્ષક માવજી દામજી શાહનો લખેલો છે. તે સાત અંકમાં પૂરો કરવામાં આવેલો છે. પૂર્વે ગદ્યબંધ વૈરાગ્ય શતકવાળો લેખ બતાવેલો છે તે ૧૦૪ માગધી ગાથાઓના ભાષાંતરનો છે અને આ પદ્માનંદ કવીના કરેલા સંસ્કૃત અનેક પ્રકારના વૃત્તોવાળા ૧૦૩ પદ્યોના સમશ્લોકી ભાષાંતરનો છે. આ પદ્ય બહુ અસરકારક છે પરંતુ સમશ્લોકી કરવા જતાં ઘણા શબ્દો સંસ્કૃતજ મુકવા પડતા હોવાથી વાંચનાર બરાબર સમજી શકે તેવી સ્થિતિ રહેતી નથી અને રચના ક્લિષ્ટ થઇ જાય છે. આ બાબત ધ્યાન આપવાલાયક છે.

આ પ્રમાણે ગતવર્ષમાં દાખલ કરવામાં આવેલા ૮૦ લેખોની ટુંકી સમાલોચના કરવામાં આવી છે. તેમાં પણ સન્મિત્ર કર્પૂરવિજયજી મહારાજના ૨૬ લેખોનું તો માત્ર દિગ્દર્શનજ કરાવ્યું છે. તે લેખોના નામ વિગેરે વાર્ષિક અનુક્રમણિકામાંથી જોઇ લેવા. આ વર્ષના લેખો પ્રથમના વર્ષો કરતાં પણ વધારે ઉપયોગી થાય તેવા છે. તેમાંના કેટલાક તો ખાસ જુદા જુદા મહાન્ આચાર્યોના કરેલા ગ્રંથોમાંથી પ્રસાદી તરીકે ઉદ્ધરીને લખાયેલા છે. તે શ્રીવિશેષાવશ્યક, લોકપ્રકાશ, પંચાશક, ષોડશક, ઉપદેશતરંગણી, વાસુપૂજ્યચરિત્ર, પ્રશમરતિ વિગેરે ગ્રંથોમાંથી અમુક વિભાગ ગ્રહણ કરીને લખેલા છે. આવા લેખો ખરેખરા પ્રતિષ્ઠાપાત્ર ગણાય છે. કારણ કે તેમાં આત્મસ્વાતંત્ર્ય કરતાં ગ્રંથપારતંત્ર્ય વધારે હોય છે. સ્વતંત્ર લેખો લખવા માટે આવા અનેક ગ્રંથોનો સારો બોધ હોવાની જરૂર છે. તે શિવાય લખાતા લેખોમાં સ્ખળના થવાનો સંભવ રહે છે. હાલમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શાસ્ત્રીય જ્ઞાન અલ્પ છતાં વ્યાવહારિક જ્ઞાન મેળવીને ઘણા લેખો લખાતા દૃષ્ટિગોચર થાય છે, પરંતુ તેવા ઉત્સાહી લેખકોએ શાસ્ત્રીયજ્ઞાન મેળવી મગજમાં ખુબ રહસ્ય એકત્ર કરી પછી તેની સુગંધ બહાર કાઢવી યોગ્ય છે કે જેથી તે સુગંધ કિંચિત્ પણ દોષ વિનાની અને ઘણો કાળ ટકી રહેનારી નીકળશે.

લખાયેલા લેખોના સંબંધમાં અભિપ્રાય આપવાનું કામ સુજ્ઞ અને વિદ્વાન્ જૈન-બંધુઓનું તેમજ મુનિમહારાજાઓનું છે, તેથી તે સંબંધમાં કાંઈ પણ વધારે ન લખતાં હવે કેવા લેખો લખવાની ઇચ્છા મારા ઉત્પાદકો, સહાયકો અને હિતેચ્છુઓના હૃદયમાં વર્તે છે તે તેમના ગાઢ પરિચયથી જાણીને હું મારા ગ્રાહકોને નિવેદન કરવા ધારૂં છું.

મુખ્ય સહાયક સન્મિત્ર કર્પૂરવિજયજી જ્ઞાનસાર ને પ્રશમરતિ ઉપરના ચાલુ લેખો આગળ લખનાર છે. અઢાર પાપસ્થાનકો પૈકી પાછળના નવ પાપ-સ્થાનકો સંબંધી સઝાયોના અર્થ લખી વિવેચન કરનાર છે, સુક્તમુક્તાવળી–( ગુજરાતી ) માંથી દેવાદિક વિષય સંબંધે લેખ લખવા ઇચ્છે છે અને શ્રી હેમચંદ્રા-ચાર્યકૃત વીતરાગ સ્તવનું ભાષાંતર ને વિવેચન લખવા ધારે છે. તદુપરાંત પ્રસ્તુત વર્ષમાં જે કાંઇ નવું તેઓ સાહેબના વાંચવામાં આવશે તેનો લાભ મારી દ્વારા મારા વાંચકોને આપવા ઇચ્છે છે. મારા તંત્રી તરફથી ચંદરાજાના રાસ ઉપરનો લેખ આગળ ચલાવવામાં આવનાર છે અને બીજા શાસ્ત્રીય લેખો લખવાની તેમજ જૈન વર્ગમાં ખાસ ચર્ચા ચલાવવા લાયક લેખો લખવાની તેમની ઇચ્છા વર્ત્તે છે. મૌક્તિક તરફથી સૌજન્યવાળો લેખ આગળ ચલાવવામાં આવનાર છે અને પ્રાસં-ગિક તીર્થયાત્રા વિગેરે પૃથક્ પૃથક્ વિષયને લગતા લેખ લખનાર છે. તેના લઘુ બંધુનો વિચાર તો ઇંગ્રેજી સાહિત્યમાંથી સારી સારી પ્રસાદી ચખાડવાનોજ વર્ત્તે છે. પદ્યાત્મક લેખ લખનાર કવીરાજનો વિચાર આગળ બીજી ભાવનાઓ સંબંધી લેખ લખવાનો છે, તેમજ પ્રાસંગિક ઉદ્ગારો કવીતારૂપે બહાર પાડ્યા કરવાનો છે. ધાર્મિક શિક્ષણ આપનારા માવજી દામજી શાહ વળી બીજા સંસ્કૃત કાવ્યોનું સમશ્લોકી ભાષાંતર આપવાની ઇચ્છા ધરાવે છે. તે શિવાય અન્ય લેખકો સ્વઇચ્છા અનુસાર હિતકારી લેખો લખનાર છે તેમજ અન્ય માસિકો કે પત્રોમાંથી ઉપયોગી લેખો આવશે તો તેનો પણ લાભ આપવાની મારા ઉત્પાદ-કોની ઇચ્છા વર્ત્તે છે. વાસુપૂજ્યચરિત્રમાંથી પણ બીજી રસીક કથાઓનું ભાષાં-તર આપવામાં આવનાર છે.

આ પ્રમાણે મારા અંગને નવા વર્ષમાં શોભાવવાના છે એમ મારૂં ને મારા પોષકોનું અંતઃકરણ એકજ હોવાથી મારા સમજવામાં આવ્યું છે. તે પ્રચ્છન્ન ન રાખતં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મેં આપ સાહેબોની સમક્ષ નિવેદન કરી દીધું છે. તે ઉપરથી નવા વર્ષમાં મારી શોભા કેવી વૃદ્ધિ પામશે તે સહેજ આપ સમજી શકો તેમ છો. મ્હારા ઉત્પાદક તંત્રી વિગેરેનો આશય નિરંતર મારી બાહ્ય શોભામાં, મારા કદમાં અને મારી અંતરંગ સુંદરતામાં વધારો કરવાનોજ વર્ત્યા કરે છે, પરંતુ ખર્ચનું પ્રમાણ વધી જવાથી તેમજ ભેટ સંબંધી ખર્ચ પણ વધારે થતો હોવાથી મારી ઉપજની કિંમત બાદ કરતાં દર વર્ષે અમુક રકમ ઉમેરવી પડતી હોવાને લીધે કાંઇક સંકોચ રહ્યા કરે છે. ગત વર્ષને અંગે આપેલી ધનપાળ પંચાશિકા તથા તત્ત્વવાર્તા ને લક્ષ્મી સરસ્વતીનો સંવાદ એ બે બુકો ને જૈન પંચાંગમાં બશેં રૂપીઆ ઉપરાંતનો ખર્ચ કરવામાં આવ્યો છે અને માસીક તરીકે પણ એકંદર ૪૦૦ પૃષ્ઠ આપવામાં આવ્યા છે. એક રૂપીઆ જેટલાં વાર્ષિક લવાજમની અંદર આ લાભ કેટલો વધારે પડતો છે તે ગ્રાહક વર્ગે વિચારવા યોગ્ય છે. આ પ્રમાણેની સ્થિતિ છતાં પણ વાર્ષિક લવાજમ વેલ્યુપેબલ કરવામાં આવે તોજ આવી શકે છે અને તે પણ તમામ ગ્રાહકો તરફથી આવવાનું ધારી શકાતું નથી કેમકે તેમાં પણ વેલ્યુ૦ પાછું ફેરવનારા પ્રશંસનીય ગ્રાહકો હોય છે. અસ્તુ. સુજ્ઞને આટલી સૂચના બસ છે.

પ્રાસંગિક આટલી હકીકત નિવેદન કરીને હવે પ્રાથમિક મંગળની પેઠે અંત્યમંગળ કરવાનું અને આશીર્વચન પ્રગટ કરવાનું કામ બાકીમાં રહે છે. પરમ કૃપાળુ પરમાત્મા મારા ઉત્પાદકો, પોષકો, હિતેચ્છુઓ અને લેખકોની શુભ વાંચ્છનાઓ પૂર્ણ કરો; હું જૈન વર્ગમાં યત્કિંચિત્ પણ ઉપકારક થઇ શકું તેવી શક્તિ મને પ્રાપ્ત થાઓ, તેમાં વૃદ્ધિ થાઓ અને જૈન સમુદાયમાં સર્વત્ર સુખ, શાંતિ, સંપ, આનંદ, મંગળ અને અભ્યુદયની વૃદ્ધિ થાઓ. આટલી પંચ પરમેષ્ટિ પ્રત્યે નમ્ર પ્રાર્થના કરીને પ્રારંભમાં મારા ઉત્સાહી વાંચકવર્ગને વધારે ન રોકતાં હું મારી ફરજ બજાવવા આગળ વધું છું અને મારો માર્ગ નિર્વિઘ્ન થાઓ અને શાસન દેવતા મારા સહાયક બનો એટલી અંતિમ પ્રાર્થના કરૂં છું.

# श्री हीरविजय सूरीश्वरना चरित्रमांथी केटलीएक महत्वनी हकीकतो.

શ્રી હીરવિજય સૂરીશ્વરે કરેલી તપસ્યા અદ્ભુત હતી. કારણ કે અકબર જેવા બાદશાહથી જગદ્ગુરૂનું બીરૂદ મળ્યા છતાં કિંચિત્ પણ અભિમાન કે શારીરિક આસક્તિને વશ થયા વિના તેમણે અત્યંત તપસ્યા કરી હતી. તેનું વર્ણન ટુંકામાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



યાવજ્જિવિત ઓછામાં ઓછો તપ એકાસણાનો કર્યો.

ધૃત વિગય શિવાય પાંચ વિગયનો ત્યાગ ( દુધ, દહીં, તેલ, ગોળ અને કડાહ વિગય તે પકવાન્ન ) કર્યો.

શ્રી વિજયદાન સૂરીશ્વર ગુરૂમહારાજ પાસે એ વખત આલોયણ લઈને તપ કર્યો તેઃ—

૩૦૦ ) ઉપવાસ. ૨૨૫ ) છઠ્ઠ. ૭૨ ) અઠ્ઠમ. ૨૦૦૦) આયંબીલ.

વીશસ્થાનક તપ આયંબીલ યુક્ત કર્યો.

એક સિથ્થ ને એકદત્તી ઘણા કર્યા.

૨૦૦૦ નીવી ને ૩૬૦૦ ઉપવાસ કર્યા.

ગુરૂમહારાજની આરાધના માટે ઉપવાસ, એકાસણું ને આયંબીલ એ ક્રમે ૧૩ માસસુધી તપ કર્યો.

યોગવહન ક્રિયા ૨૨ માસ પર્યંત કરી. તેમાં ઉપવાસ, આયંબીલ, નીવી ને એકાસણા ઘણા કર્યા.

ત્રણ માસ પર્યંત સૂરિમંત્રનું સાધન કરતાં ઉગ્ર તપસ્યા કરી.

સૂત્ર, પ્રકરણ, ગાથાઓ વિગેરેની ૪ ક્રોડ સ્વાધ્યાય કરી.

સૂરિજી આહારમાં રોટલી, રોટલો, ભાત, દાળ, ખીચડી ને ઘી એવો સાદો ખોરાકજ લેતા હતા; ચા, પાપડ, મુખવાસ, અથાણું, પાક, લાડુ, લાપસી, શીરો, શીખંડ વિગેરે પદાર્થો ગ્રહણ કરતા નહોતા.

સુતી વખતે હાથનું ઓશીકું કરતાં; બીજું ઓશીકું રાખતા નહોતા.

એષણા સમિતિ બરાબર પાળતા, તેથી નિરંતર ૪૨ દોષરહીત આહારપાણી લેતા હતા.

તેમના પરિવારમાં ૨૦૦૦ મુનિઓ, ૩૦૦ સાધ્વીઓ ને ૧૫૦ પંન્યાસ પદવીધારક મુનિઓ હતા. ૭ મહાવાદી ઉપાધ્યાય હતા.

તેમણે ૫૦ જુદી જુદી પ્રતિષ્ઠાઓ ( અંજન શલાકા ) કરી હતી.

એમના ઉપદેશથી ૧૫૦૦ સંઘવીઓએ પૃથક્ પૃથક્ તીર્થના સંઘ કાઢ્યા હતા.

અકબર બાદશાહના માનીતા અબુલ ફ્ઝલ જેવા શેખ પંડિતે તેમનો ઘણો સત્કાર કર્યો હતો. તેણે આઇનેઅકબરીમાં સૂરિજીની ઘણી પ્રશંસા લખેલી છે.

સૂરિજીએ ખંભાત ચોમાસું કર્યું ત્યારે શ્રી સંઘે એક ક્રોડ ટકા ખર્ચ કર્યો હતો.

સંવત ૧૬૩૯માં તેઓ સાહેબ દીલ્લી પધાર્યા હતા. એ મહાત્માનો જન્મ શ્રી પાલણપુરમાં સં. ૧૫૮૩ના માગશર શુદિ ૯ મે થયો હતો. સં. ૧૫૯૬ના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કાર્ત્તિક વદિ ૨જે ચારિત્ર ગ્રહણ કર્યું હતું અને સં. ૧૬૫૨ ના ભાદ્રવા શુદિ ૧૧ શે દેહોત્સર્ગ ઉનામાં થયો હતો.

અકબર બાદશાહે જ્યોતિષ્ સંબંધી પ્રશ્ન કરતાં સૂરિજીએ સ્પષ્ટ કહી દીધું હતું કે એ કામ ગૃહસ્થનું છે; સંયમધારી મુનિઓનું નથી.

આશીર્વાદ આપવા માટે બાદશાહે આગ્રહ કર્તાં ધર્મલાભ રૂપ આશીષ્ આપી હતી.

આવા દેહપર કિંચિત્ પણ મમત્વવિનાના, તીવ્ર તપસ્યાના કરનારા, રાજ્ય-માનથી પણ અભિમાન નહીં ધરાવનારા, ગુરૂમહારાજ પ્રત્યે પરમ ભક્તિભાવવાળા અને તે નિમિત્તે ઉગ્રતપસ્યા કરનારા, તેમજ સંખ્યાબંધ સાધુ સાધ્વીનો પરિવાર છતાં નિર્લેપ રહેનારા, જીવ્હાઈંદ્રીના વિષયને સર્વથા તજી દેનારા, શાસનની પ્રભાવના કરવામાં અહર્નિશ તત્પર, અનેક પ્રકારના વિદ્યામંત્રાદિક સિદ્ધ કરેલ છતાં તેનો ઉપયોગ માત્ર શાસનના હિતમાટેજ કરનારા, નિરંતર આત્મહિતમાં સાવધાન–એવા મહાત્માના દર્શન પૂરા ભાગ્ય હોય તો જ થઇ શકે છે અને એવા મહાપુરૂષના પુન્ય પ્રતાપથીજ જૈન શાસન અનેક ઉપદ્રવ કરનારાઓથી સ્ખલના ન પામતાં અસ્ખલિતપણે ચાલ્યા કરે છે. ધન્ય છે એવા મહાત્માઓને!

મુનિ રત્નવિજયજી.
પાલણપુર.

# सुक्त मुक्तावळी.

## देवाधिदेव अरिहंत भगवान् केवा छे ?

( તેનાં લક્ષણ તથા હેતુ દૃષ્ટાંતની સમજ સાથે )

## देवतत्त्व.

**( માલિની વૃત્ત. )**

સકળ કરમ વારી, મોક્ષમાર્ગાધિકારી,
ત્રિભુવન ઉપગારી, કેવળ જ્ઞાન ધારી;
ભવિજન નિત સેવો, દેવ એ ભક્તિભાવે.
ઈહુજ જિન ભજંતાં, સર્વ સંપત્તિ આવે. ૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જિનવર પદ સેવા, સર્વ સંપત્તિદાઇ.
નિશિદિન સુખદાઈ, કલ્પવલ્લી સહાઇ:
નમિ વિનમિ લહીજે, સર્વ વિદ્યા વડાઈ.
ઋષભ જિનાહ સેવા, સાધતાં તેહ પાઇ. ૨

જે સઘળાં કર્મ નિવારીને **તીર્થંકર પદવી** પમાય છે તે આવી રીતે–

" **જ્ઞાનાવરણી** ક્ષય કરી, **દર્શનાવરણી** કર્મ;
**વેદની** કર્મ દૂરે કરી, ટાળ્યું **મોહની** કર્મ.
**નામ** કર્મ ને **આયુ** કર્મ, **ગોત્ર** અને **અંતરાય**:
અષ્ટ કર્મ તેં એણી પેરે, દૂર કર્યા મહારાય. "

રાગ દ્વેષાદિક સઘળા દોષો સર્વથા દૂર કરી નાંખવાથી જેમને અનંતા ગુણો પ્રગટ થયા છે અને ત્રિભુવન એટલે સ્વર્ગ મૃત્યુ, અને પાતાલવાસી પ્રાણીઓ ઉપર જે સદાય ઉપકાર કરી રહ્યા છે, વળી જગત્ માત્રની સર્વ વાત સંપૂર્ણ રીતે જાણી શકાય એવું નિર્મળ કેવળજ્ઞાન જેને પ્રાપ્ત થયેલું છે, એવા દેવાધિદેવ શ્રી અરિહંત ભગવાન્ હોય છે. તેમની હે ભવિજનો ! તમે પૂર્ણ પ્રેમથી નિરંતર સેવા–ભક્તિ કરો. પૂર્ણ પ્રેમથી એવા પ્રભુની સેવા–ભક્તિ કરવાથી તમે સઘળી સુખ–સંપદા સહેજે પામી શકશો. ૧. સકળ દોષરહિત શ્રી જિનેશ્વર ભગવાન્ની સેવા–ભક્તિ સર્વ સંપત્તિને આપવાવાળી છે અને સદાય સુખ સમાધિને કરનારી છે તેથી તે ( પ્રભુની ભક્તિ ) કલ્પવેલી જેવી ભવિજીવોને સહાયકારી કહી છે. જૂઓ કે **ઋષભદેવ** ભગવાનની **ખરા ભાવથી સેવા–ભક્તિ** કરવાવડે **નમિ** અને **વિનમિ** સર્વ વિદ્યાસહીત નીચે મુજબ વિદ્યાધરની ઋદ્ધિ પામ્યા.

પ્રથમ ભગવાને ગૃહસ્થ અવસ્થામાં નમિ અને વિનમિને પુત્ર તરીકે પાળ્યા હતા. જ્યારે ભગવાને દીક્ષા લીધી ત્યારે તે બંને પરદેશ ગયેલા હતા. પરદેશથી જ્યારે પાછા આવ્યા ત્યારે તેમને લાયક રાજ્યભાગ **ભરતજી**એ આપવા માંડ્યો, પરંતુ તે ભરતજીએ આપવા માંડેલો રાજ્યભાગ તેમણે લીધો નહિં પણ તેઓ બંને ઋષભદેવ ભગવાન પાસેથીજ તે લેવા માટે નિશ્ચય કરીને પ્રભુ પાસે આવી ઉચિત સેવા ભક્તિ કરીને રાજ્યભાગ માગવા લાગ્યા. પ્રભુ તો કાઉસ્સગ્ગ (કાર્યોત્સર્ગ) ધ્યાને મૌનપણેજ રહેતા હતા. તોપણ બંને ભાઇઓનો પ્રભુ પ્રત્યે ગાઢ ભક્તિભાવ જોઇને પ્રસન્ન થયેલા ઇન્દ્રે તેમને અનેક પાઠસિદ્ધ વિદ્યાઓ સહિત [illegible] પર્વત ઉપર વિદ્યાધર યોગ્ય મોટી રાજ્યઋદ્ધિ આપી. આવી રીતે જિનેશ્વર ભગવાનની સાચા ભાવથી ભક્તિ કરવાવડે અનેક જીવો સુખી થયા છે એમ સમજી આપણે પણ પ્રભુસેવામાં રસિક થવું અને આપણાં કુટુંબી–સંબંધીઓને પણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રભુભક્તિમાં રસિક કરવાં. સારાં ધોયેલાં વસ્ત્ર (સ્વચ્છ કપડાં) પહેરીને પ્રભુના દર્શન કરવા પ્રભાતે, બપોરે અને સાંજે એમ ત્રણ વખત નિયમસર જવું. નિસ્સિહી કહી દેરાસરના દ્વારમાં પેસીને ઘર સંબંધી વાતચિત કે કોઈ જાતનો કલેશ કંકાસ કોઇ સાથે કરવો નહિં. પ્રભુ સન્મુખ **સાથીયો** કરવા માટે સારા **અણીશુદ્ધ ચોખા** તેમજ બદામ, સોપારી, શ્રીફળ વિગેરે **સરસ ફળ** અને શુદ્ધ સ્વદેશી સાકર પ્રમુખથી બનાવેલાં પકવાન્નરૂપ **નૈવેદ્ય** પ્રભુ પાસે ઢોકીને પ્રાર્થના કરવી કે "હે દેવાધિદેવ પ્રભુ! આપ મારાં જન્મ, જરા અને મરણનાં દુ:ખ નિવારો! મને નિર્મળ જ્ઞાન, નિર્મળ શ્રદ્ધા અને સદ્વર્તન પ્રાપ્ત થાય એવી સુબુદ્ધિ આપો! મારાથી કંઇ પણ લોકવિરૂદ્ધ કાર્ય ન થાઓ! હું સદાય ન્યાય માર્ગેજ ચાલતો રહું, મારા વડીલોની સદાય ચાકરી બરદાસ પ્રેમથી કરૂં, પરોપકારનાં કામ કરૂં, અને સદ્‌ગુરૂનો જોગ પામી જીવતાં સુધી તેમની આજ્ઞાનું અખંડ પાલન કરૂં, અને મને આપની કૃપાથી ઇષ્ટ ફળની પ્રાપ્તિ થાય એમ ઇચ્છું છું. વળી હે પ્રભુ! ભવોભવ મુઝને આપના ચરણ કમળની સેવના પ્રાપ્ત થાઓ! તેમજ સમાધિયુક્ત મારૂં આયુષ્ય પસાર થાઓ! અને ભવાંતર (બીજા ભવ) માં પણ મને આપના પવિત્ર ધર્મનુંજ શરણ હો! પરમ પવિત્ર દેવ. ગુરૂ અને ધર્મમાંજ મારી બુદ્ધિ સદાય સ્થપાયેલી બની રહો!"

## गुरुतत्त्व.

સ્વપર સમય જાણે, ધર્મ વાણી વખાણે,<br>
પરમ ગુરૂ કહ્યાથી, તત્ત્વ નિ:શંક માણે;<br>
ભવિક કજ વિકાસે, ભાનુ જ્યું તેજ ભાસે,<br>
ઈહિજ ગુરૂ ભજો જે, શુદ્ધ માર્ગ પ્રકાસે. 3<br>
સુગુરૂ વચન સંગે, નિસ્તરે જીવ રંગે,<br>
નિરમળ નર થાયે, જેમ ગંગા પ્રસંગે;<br>
સુણિય સુગુરૂ કેશી, વાણિ રાય પ્રદેશી,<br>
લહી સુરભવ વાસી, જે થશે મોક્ષવાસી. ૪

જે સ્વસંપ્રદાયનાં શાસ્ત્ર-સિદ્ધાંતમાં તેમજ પર સંપ્રદાયના શાસ્ત્ર-સિદ્ધાંતમાં-નિપુણ હોય-તેમાં રહેલું રહસ્ય સારી રીતે જાણતા હોય અને નિષ્પક્ષપાતપણે (મધ્યસ્થપણે) ભવિજનોને ધર્મ માર્ગમાં જોડવા માટે શાસ્ત્રવાણી સંભળાવતા હોય; જેમને રાજા અને રંક ઉપર સમાન ભાવ હોય એટલે સહુ સહુની યોગ્યતા પ્રમાણે જે નિ:સ્પૃહપણે (પરોપકાર બુદ્ધિથી) ધર્મ માર્ગ બતાવતા હોય; પરમ ગુરૂ-વીતરાગ પરમાત્માના પવિત્ર વચનાનુસારે વસ્તુ તત્ત્વનો નિર્ણય કરીને જે પ્રવર્તતા હોય; જેમણે પર ઉપાધિનો વિવેકથી ત્યાગ કરી સકળ ઉપાધિરહિત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મોક્ષમાર્ગજ આદર્યો હોય; એટલે જે આત્મ-સાધન કરી લેવામાં સદાય ઉજમાળ રહેતા હોય અને જેમ સૂર્ય પોતાનાં કિરણોવડે કમળોને વિકસ્વર કરે છે તેમ જે શાસ્ત્રવાણીના પ્રકાશવડે ભવિજનોને પ્રતિબોધ કરે છે; એવી રીતે જે શુદ્ધ-નિર્દોષ-મોક્ષમાર્ગનુંજ પોતે આલંબન લેવા ઉપદિશે છે એવા ત્યાગી વૈરાગી મહાત્માઓને હે ભવ્યજનો ! તમે સુગુરૂ તરીકે આદરો ! ! જેમ ગંગા નદીના સમાગમથી ગમે તેવું અને ગમે ત્યાંથી આવી મળેલું જળ નિર્મળ અને મહિમાવાળું બને છે; પારસમણિના સંગથી જેમ લોહું હોય તે સુવર્ણરૂપ બની જાય છે; અને મલયાચળના પવનનો સ્પર્શ થવાથી અન્ય રૂખડાં પણ ચંદનરૂપ થઇ જાય છે; તેમ સુગુરૂનાં અમૃત વચનની ઊંડી અસરથી જીવની પણ દશા સુધરી જાય છે. જીવના અનાદિ દોષો, જેવાકે મિથ્યાત્વ, અજ્ઞાન, અવિરતિ પ્રમુખ સુગુરૂના ઉપદેશવડે ઓળખીને દૂર કરી શકાય છે. અને આપણા આત્મામાંજ ગુપ્તપણે ઢંકાઇ રહેલા રત્નના નિધાન જેવા નિર્મળ જ્ઞાન, દર્શન અને ચારિત્ર પ્રમુખ ઉત્તમ ગુણો સમજીને આદરી શકાય છે,' એ બધો પ્રભાવ સુગુરૂનોજ સમજવો. જૂઓ કે પ્રથમ ભારે નાસ્તિક મતિવાળો એવો **પ્રદેશીરાજા** પણ **કેશી**ગણધર મહારાજની અમૃત સમાન અત્યંત હિતકારી વાણી સાંભળી હાલાહલ વિષ સમાન મિથ્યાત્વનો ત્યાગ કરીને શુદ્ધ તત્ત્વશ્રદ્ધારૂપ સમકિતસહિત ગૃહસ્થ યોગ્ય શ્રાવકોનાં બારવ્રત પામ્યો અને તેને અત્યંત આદરસહિત આરાધીને પોતે પ્રથમ દેવલોકમાં ઉત્પન્ન થયો અને ત્યાં પણ સમકિતની ઉત્તમ કરણી કરીને હવે પછી ઉત્તમ માનવદેહ પામી મોક્ષપદ પામશે. તેની વિસ્તારથી હકીકત **'રાયપસેણી સૂત્ર'** પ્રમુખમાં જણાવેલી છે. ઘણું કરીને જીવ સુગુરૂની ઉત્તમ સહાયવડેજ નિસ્તાર પામે છે. માટે સુગુરૂનું આલંબન (આશ્રય) લેવાની પ્રથમ જરૂર છે. વિનયગુણ એ એક અજબ વશીકરણ મંત્રરૂપ છે. તેથી બીજા તો શું ? પણ પરમ ત્યાગી-નિઃસ્પૃહી મહાત્મા પુરૂષો પણ વશ થઇ જાય છે. પરંતુ તે સુગુરૂ પ્રત્યે આચરવાનો વિનય સાચા દીલનો-નિષ્કપટ ભાવનોજ હોવો જોઇએ. સુવિનીત શિષ્યોએ સુગુરૂને સર્વજ્ઞ ભગવાન્ સમાનજ લેખી તેમનો સર્વ પ્રકારે વિનય સાચવવાનો છે. ખરેખરા વિનયયોગે આત્મા સકળ કર્મમળથી મુક્ત થઇ શકે છે. ઉત્તમ પ્રકારે ગુરૂ-વિનય સાચવવા ઉપર **ઉપદેશમાળા** પ્રમુખમાં શ્રી **ગૌતમગણધર, મૃગાવતી, સુનક્ષત્ર** અને **સર્વાનુભૂતિ** તેમજ **પાંથક** પ્રમુખ મુનિજનોનાં દ્રષ્ટાંત સુપ્રસિદ્ધ છે. સુવિનીત થવા માટે હરેક આત્માર્થી જને ઉક્ત દ્રષ્ટાંતો **આદર્શ**રૂપ કરી રાખવાં જોઇએ. વિનયના પાંચ પ્રકાર પણ ખાસ લક્ષમાં રાખવા લાયક છે. ૧ બાહ્યસેવા-ભક્તિ, ૨ હૃદયપ્રેમ-બહુમાન, ૩ ગુણસ્તુતિ, ૪ અવગુણ-આચ્છાદન, અને ૫ આશાતના ત્યાગ. વળી વિનયગુણથી સદ્વિદ્યા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રાપ્ત થતાં અનુક્રમે સમકિત (નિર્મળ શ્રદ્ધા) અને ચારિત્ર (નિર્દોષ વર્તન) વડે અવિચળ મોક્ષપદવીની પણ પ્રાપ્તિ થઈ શકે છે.

## धर्मतत्त्व.

જળનિધિ જળવેળા, ચંદ્રથી જેમ વાધે,
સકળ વિભવ લીલા, ધર્મથી તેમ સાધે;
મનુઅ જનમ કેરો, સાર તે ધર્મ જાણી,
ભજ ભજ ભવિ ભાવે, ધર્મ તે સૌખ્ય ખાણી. ૫
ઈહ ધરમ પસાયે, વિક્રમે સત્ય સાધ્યો,
ઈહ ધરમ પસાયે, શાળિનો શાક વાધ્યો;
જસ નર ગજ વાજી, મૃત્તિકાનાં જિકેઈ,
રણ સમય થયા તે, જીવ સાચા તિકેઈ. ૬

દુર્ગતિ પડતા પ્રાણીને બચાવી જે સદ્ગતિ પમાડે તે **ધર્મ** કહેવાય છે. તે દાન, શીલ, તપ અને ભાવરૂપ ચારે પ્રકારનો અથવા **ગૃહસ્થધર્મ** અને **સાધુ-ધર્મરૂપ** વ્યવહારથી બે પ્રકારનો પણ કહ્યો છે. **સાધુધર્મ** સર્વથા અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય અને અકિંચનતારૂપ-પાંચ મહાવ્રતરૂપ (રાત્રી ભોજનના સર્વથા ત્યાગ સહિત) કહેલો છે અને ગૃહસ્થ (શ્રાવક) ધર્મ સ્થૂલ અહિંસાદિક પાંચ અણુવ્રત, ત્રણ ગુણવ્રત અને ચાર શિક્ષાવ્રત રૂપ બાર પ્રકારનો કહ્યો છે. અભય-દાન, સુપાત્રદાન, અનુકંપાદાન, કીર્ત્તિદાન અને ઉચિતદાન એવી રીતે **દાન** પાંચ પ્રકારનું છે. તેમાં અભયદાન અને સુપાત્રદાન શ્રેષ્ઠ ફળદાયી છે. દીન અનાથને દુઃખી દેખી તેનું દુઃખ ઓછું કરવા જે કંઇ આપવું તે અનુકંપા દાન કહેવાય છે. ભાટ ચારણાદિકને દેવું તે કીર્ત્તિદાન અને સ્વજન કુટુંબી પ્રમુખને અવસરે આપવું તે ઉચિત દાન છે. **શીલ** નામ સદાચારનું છે. સદાચારને સારી રીતે સદા સેવનાર **સુશીલ** કહેવાય છે. પોતાનીજ સ્ત્રીમાં સંતોષ રાખી પરાઇ સ્ત્રી વેશ્યા પ્રમુખ સાથે ખોટો વ્યવહાર ન જોડવો તે પણ **શીલજ** કહેવાય છે. સમજ પામીને અધિક સંતોષવડે પોતાની કે પરાઇ કોઇ પણ સ્ત્રી સાથે વિષય ક્રીડા નજ કરવી તે **શીલ** અતિ ઉત્તમ છે. શીલવ્રતને શુદ્ધ મન, વચન અને કાયાથી પાળનાર ઘણી રીતે સુખી થાય છે. શીલવ્રત સારી રીતે પાળનારની કાયા પવિત્ર અને નિરોગી રહે છે. પવિત્ર શીલવંત સ્ત્રી પુરૂષોને કવચિત્ કષ્ટ વખતે દેવ પણ સહાયભૂત થાય છે. ઉત્તમ પ્રકારનું શીલ પાળવું એ સ્ત્રી પુરૂષોનો શ્રેષ્ટ શણગાર (શોભારૂપ) છે. સુશીલ સ્ત્રી પુરૂષો જ્યાં ત્યાં યશ કીર્ત્તિ પામે છે. શીલવગરનાં સ્ત્રી પુરૂષો આવળનાં ફુલ જેવાં ફુટડાં હોય તો પણ તે નકામાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જ્યાં ત્યાં તિરસ્કાર પામે છે. એમ સમજી સહુ કોઇએ શીલ શણગાર સજવાની ભારે જરૂર છે.

જેમ અગ્નિવડે સુવર્ણ શુદ્ધ થઇ શકે છે–તેને લાગેલો બધો મેલ બળી જાય છે તેમ તપવડે આત્મા સાથે અનાદિ કાળથી લાગી રહેલો કર્મ–મળ બળી જવાથી આત્મા શુદ્ધ–નિર્મળ થઇ શકે છે. તે તપ બહુ પ્રકારનો કહેલો છે. ૧ ઉપવાસ, છઠ્ઠ, અઠ્ઠમ, પ્રમુખ કરવા, ૨ જરૂર કરતાં ઓછું–અલ્પ ભોજન કરવું, ૩ જે તે ચીજો મરજી મુજબ નહિ ખાતાં થોડી જરૂર જેટલી ચીજથીજ ચલાવી લેવું, ૪ રસલોલુપી થઇ ગમે તે રસ કસવાળી વસ્તુ ગમે તેટલી નહિં ખાતાં પ્રમાણમાંજ તેનું સેવન કરવું, ૫ શરીરને સારી રીતે કસતા રહેવું, વિના કારણ તેનું હદ બહાર લાલન પાલન નહિં કરવું, અને ૬ નકામી દોડધામ તજી સ્થિર આસન સેવવું; એવી રીતે **બાહ્ય તપ** છ પ્રકારનો કહ્યો છે. બીજો અભ્યંતર તપ પણ છ પ્રકારનો છે. ૧ જાણતાં કે અજાણતાં કરેલી ભૂલ ગુરૂ મહારાજ પાસે કપટરહિત જાહેર કરી તે બદલ ગુરૂજીએ આપેલી વ્યાજબી શિક્ષા માન્ય રાખીને પોતાની ભૂલ સુધારી લેવી, તેમજ તેવી ભૂલ વારંવાર નહિં કરતાં પૂરતું લક્ષ રાખતાં રહેવું, ૨ આપણાં વડીલ–માતા, પિતા, વિદ્યાગુરૂ તેમજ ધર્મગુરૂ સાથે અતિ નમ્રતાથી આદર–મર્યાદા રાખી વર્તવું, ૩ બાળ, ગ્લાન (રોગી), વૃદ્ધ અને તપસ્વી સાધુ, આચાર્ય, ઉપાધ્યાય તથા સંઘ–સાધર્મી ભાઇ બ્હેનોની યથોચિત સેવા ભક્તિ બજાવવી, ૪ આત્મ કલ્યાણાર્થે ધર્મ–શાસ્ત્રનું પઠન પાઠન કરવું, ૫ સ્થિર ચિત્તથી **અરિહંતાદિ નવ પદના** ઉત્તમ ગુણો વિચારવા અને તેવા શ્રેષ્ઠ ગુણો આપણામાં કેમ આવે ? એવી ધારણા–ભાવના કરવી, અને ૬ આપણા દેહ ઉપરની મમતા તજીને પરમાત્માના સ્વરૂપમાં તલ્લીન થવું. આવી રીતે વર્ણવેલા અભ્યંતર તપને પુષ્ટિ મળે તેવી રીતેજ પ્રથમ વર્ણવેલો બાહ્ય તપ ભાઇ બ્હેનોએ અતિ આદરસહિત સેવવો હિતકારી છે. બાહ્ય તપથી અનેક ફાયદા થાય છે. પ્રથમ તો શરીર–શુદ્ધિ થાય છે–અજીર્ણાદિક દોષ દૂર થઇ જાય છે, એટલે શરીર સમધાત બન્યું રહે છે–નિરોગી રહે છે. તેથી મન ઉપર બહુ સારી અસર થાય છે, મનમાં ખોટા વિચારો–કુવિકલ્પો પેસતા નથી, અને સારા વિચારો સહેજે આવે છે. આમ થવાથી અભ્યંતર તપને પણ સારી પુષ્ટિ મળી શકે છે. તેમજ શુભ ભાવના પણ સહેજે પ્રગટ થાય છે. ૧ શાસ્ત્રમાં ૧ મૈત્રી, ૨ મુદિતા ( પ્રમોદ ), ૩ કરૂણા અને ૪ માધ્યસ્થતારૂપ ચાર ભાવનાઓ આવી રીતે બતાવેલી છે.

સહુ કોઇ જીવ સદાય સુખી થાઓ ! કોઈ કદાપિ દુઃખી ન થાઓ !

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સહુ કોઇ સન્માર્ગે ( સુખદાયી–સાચા માર્ગે ) ચાલો ! કોઈ કુમાર્ગે ન ચાલો ! એવા પ્રકારની અંતઃકરણની ભાવનાને **મૈત્રીભાવના** કહે છે. કોઇ પણ સદ્‌ગુણી જનને દેખીને કે તેના ઉત્તમ ગુણો જાણીને દીલમાં રાજી થવું. જેમ મેઘનો ગર્જારવ સાંભળીને મોર ખુશી થઈ કેકારવ કરે છે તેમ ગુણી જનોનું ગુણગાન સાંભળી મનમાં આનંદ ઉભરાઇ જાય અને આપણને પણ તેવા ગુણ પામવા પ્રેમ વછૂટે–અંતઃકરણમાં ઉંડી લાગણી પેદા થાય તે **પ્રમોદભાવના** છે. દીન અનાથને દુઃખી દેખી તેનું દુઃખ ઓછું કરવા જે લાગણી પેદા થાય તે તેમજ આપણાથી ઓછા ગુણવાળા જીવ આપણી બરોબર થાય તો સારૂં એમ વિચારી તેમના તરફ તિરસ્કાર બુદ્ધિ નહિ લાવતાં અનુકંપા યા દયાભરેલી લાગણી પ્રગટે તેને જ્ઞાની પુરૂષો **કરૂણાભાવના** કહે છે. ગમે તેવા પાપી નિર્દય અને નિંદક નાદાન જીવ ઉપર પણ દ્વેષભાવ નહિ રાખતાં તેનાથી અલગ રહેવું, તેની સાથે રાગ પણ બાંધવો નહિ તેને જ્ઞાની પુરૂષો **માધ્યસ્થ્યભાવના** કહે છે. દ્વેષ કરવાથી તેવા અઘોર કર્મ કરનારા સુધરતા નથી એટલુંજ નહિ પણ ક્લેશ કરવાથી આપણું તો અવશ્ય બગડે છે. અને રાગ બંધ કરવાથી તેમના કુકર્મને પુષ્ટિ મળે છે. વળી તેના પાપકર્મને અનુમોદન આપવા (મળવા) થી આપણે પણ પાપના ભાગી થઇએ છીએ માટે તેમનાથી અલગ રહેવામાં જ એકાંત હિત છે.

ઉપર વર્ણવેલા દાન, શીલ, તપ, અને ભાવરૂપ ચાર પ્રકારના ધર્મમાં ભાવ મુખ્ય છે. ભાવવડેજ દીધેલું દાન, પાળેલું શીલ અને કરેલો તપ લેખે થાય છે. ભાવવગરનાં દાન, શીલ અને તપ લેખે થતાં નથી. અલુણાં ધાન ( ભોજન ) ની જેમ ભાવવગરની કરણી ફીકી ફક્ક લાગે છે અને ભાવસહિત કરવામાં આવતી સઘળી શુભ કરણી બહુ લહેજત આપે છે. તે માટે શાસ્ત્રમાં ભાવને સહુ કરતાં વધારે વખાણ્યો છે તેથી આપણે પણ ભાવસહિતજ શુભ કરણી કરવી. દાનથી દારિદ્ર દૂર થાય છે, શીલથી સૌભાગ્ય વધે છે, તપથી કર્મનો ક્ષય થાય છે અને ભાવથી ભવનો અંત થઇ જાય છે. ભાવ[illegible] ઉલ્લાસથી સુપાત્ર–સાધુને દોષ રહિત અન્નાદિકનું દાન દેવાવડે **શાલિભદ્રની** પેરે અન્ય ભવમાં અનર્ગલ ઋદ્ધિ મળે છે, અને અનુક્રમે મોક્ષપદની પ્રાપ્તિ થઈ શકે છે. કેમકે તેવાં સુપાત્ર દાનથી સાધુનાં જ્ઞાન, દર્શન અને ચારિત્રને પુષ્ટિ મળે છે અને તેનું અનુમોદન કરવાથી આપણામાં પણ તેવા ઉત્તમ ગુણોની યોગ્યતા આવે છે. વિવેકથી દાન દેવું. દાન દેતાં ખેંચાવું નહિ તેમજ ઉદારતાથી દાન દીધા બાદ મનમાં લગારે પશ્ચાત્તાપ કરવો નહિ. પરંતુ એમ વિચારવું કે મને આવું સુપાત્ર મળ્યું તેથી મારૂં અહોભાગ્ય માનું છું. ફરી એવો સુપાત્રનો યોગ ક્યારે મળશે?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શુદ્ધ-નિર્મળ શીલ પાળવું એજ ખરૂં ભૂષણ છે અને શીલવગરનું જીવિત પશુની જેવું નકામું છે. શુદ્ધ શીલવડે પોતાના શુભ આચાર વિચાર દીપે છે. શુદ્ધ શીલનો પ્રભાવ અચિંત્ય ચિંતામણિ ( રત્ન ) સમાન છે એમ સમજી ઉત્તમ સ્ત્રી પુરૂષો શીલ-રત્નને પોતાના પ્રાણથી અધિક સાચવે છે. ગફલતથી શીલરત્નને ગુમાવી દેતા નથી. કોઇ પણ લુચ્ચા-લફંગા ( હીણાં કામ કરનારા ) ની સંગતથી દૂરજ રહે છે. કષ્ટ વખતે પોતાના શીલરત્નનું રક્ષણ કરવા વધારે કાળજી રાખે છે. ખરી કસોટી તેમની ત્યાંજ થાય છે. **ભરહેસરની સઝાયમાં** વર્ણવેલા અનેક **સતા** અને **સતીઓ** પોતાના પવિત્ર **શીલરત્નથી** પોતાનાં નામ **અમર** કરી ગયા છે. તેમનો ઉત્તમ યશ અદ્યાપિ પર્યંત ગવાય છે. આપણે પણ પવિત્ર શીલનો અદ્ભુત પ્રભાવ સમજીને નિર્મળ શીલ પાળવા સદાય સાવધાન રહેવું જોઇએ.

જે તે ઠેકાણે ભટકતા મનને સમજાવી કબજે રાખવાથી અને દેહનું દમન કરવાથી તપનો લાભ મળી શકે છે. જે ભવિજનો પોતાની છતી શક્તિને ગોપવ્યા વગર તેનો સારો ઉપયોગ કરી લે છે તેમને પરભવમાં પરાધીનપણાનાં દુઃખ ભોગવવાં પડતાં નથી. પરંતુ જે પોતાની છતી શક્તિનો સદ્ઉપયોગ કરતા નથી, કેવળ પ્રમાદમાંજ પોતાનો અમૂલ્ય વખત વીતાવે છે તે બાપડાને પરભવમાં પરાધીનપણે બહુ બહુ દુઃખ સહેવું પડે છે. નિર્મળ જ્ઞાન અને વૈરાગ્યવડે જેમને દેહ ઉપરની મમતા ઉડી ગઇ છે તે **આદીશ્વર ભગવાન્** કે **વીર પરમાત્માની** પેરે દુષ્કર તપ કરી શકે છે. ક્ષમા-**સમતા સહિત** કરવામાં આવતો **તપ** કઠણ કર્મનો પણ ક્ષણવારમાં ક્ષય કરી નાખે છે. અને ક્રોધથી કરેલો ગમે તેટલો દુષ્કર તપ પણ લેખે થઇ શકતો નથી-નિષ્ફળ થઇ જાય છે. માટે ક્ષમા રાખવા અને ક્રોધ તજવા તપસ્વી જનોએ ખાસ કાળજી રાખવાની છે. **દૃઢપ્રહારી** જેવા અઘોર પાપી પ્રાણીઓ પણ દુષ્કર તપના પ્રભાવથી સકળ કર્મનો ક્ષય કરીને મોક્ષપદ પામી ગયા છે. એમ સમજી આપણે પણ યથાશક્તિ પૂર્વે વર્ણવેલા બંને પ્રકારના તપમાં સમતાસહિત સદાય ઉદ્યમ કરવો ઉચિત છે.

ઉપર જણાવેલી મૈત્રી, મુદિતા, કરૂણા અને માધ્યસ્થ્ય ભાવના ભવિજનોએ સ્વપર ઉપગારી જાણી સદાય સેવવી ઉચિત છે. તે ઉપરાંત **શાન્ત સુધારસ** પ્રમુખ ગ્રંથોમાં વર્ણવેલી અનિત્ય, અશરણ, સંસાર, એકત્વ અને અન્યત્વ પ્રમુખ દ્વાદશ ( બાર ) ભાવનાઓ પણ આત્માને અત્યંત ઉપકારી—વૈરાગ્ય રંગને વધારનારી સમજીને સદાય આદરવા યોગ્ય છે. તેનું વિશેષ વર્ણન **પ્રશમરતિ, શાંત સુધારસ** અને **અધ્યાત્મ કલ્પદ્રુમ**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પ્રમુખ ગ્રંથોમાંથી તેમજ તેની સઝાયોમાંથી ગ્રહણ કરી લેવું. ' જેવી ભાવના તેવી સિદ્ધિ ' એ ન્યાયે અંતઃકરણ શુભ ભાવનામય કરી દેવું ઉચિત છે. જડ વસ્તુ પણ શુભ ભાવના યોગે સુધરે છે તો ચૈતન્ય યુક્ત આત્માનું તો કહેવુંજ શું ? સુગંધી ફૂલની ભાવના દેવાથી તેલ સુવાસિત થઇ ફૂલેલ કહેવાય છે. તેવીજ રીતે અન્ય પદાર્થ આશ્રી સમજવું. વિષયરસની ભાવનાથી જીવ વિષયી બની જાય છે અને શાન્તરસ ( વૈરાગ્ય ) ની ભાવનાથી શાન્ત-વૈરાગ્યમય બની જાય છે. તેથીજ કહ્યું છે કે " **નારી ચિત્ત દેખના વિકાર વેદના, જિનંદ ચંદ દેખના શાંતિ પાવના.** " એ વાક્ય બહુ મનન કરવા યોગ્ય છે અને તેનું મનન કરીને વિષય વાસના તજી વૈરાગ્ય વાસના આદરવી યોગ્ય છે. **ઉપશમ, વિવેક** અને **સંવર** એ ત્રણ પદની સમજ સાથે વારંવાર ભાવના કરવાથી **ચિલાતિ-પુત્ર** જેવો નિર્દય જીવ પણ સદ્ગતિ પામેલો છે. એમ વિચારી આપણે સહુએ શુભ ભાવના સેવવીજ ઉચિત છે.

**સાધુ ધર્મ,** રાત્રી ભોજનના સર્વથા ત્યાગસહિત **સંપૂર્ણ અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય** અને **અકિંચનતા** યોગે **પાંચ મહાવ્રતરૂપ** વખાણ્યો છે. કોઈ પણ **ત્રસ** કે **સ્થાવર** ( હાલતા, ચાલતા કે સ્થિર રહેનારા ) જીવને મનથી, વચનથી કે કાયાથી હણવો નહિં, હણાવવો નહિં, તેમજ હણનારને સારો જાણવો નહિં; પણ સહુ જીવની આત્મ સમાન સદા રક્ષા કરવી એ **અહિંસા મહાવ્રત** કહેવાય છે. ક્રોધ, માન, માયા, લોભ, ભય કે હાસ્યથી ઉપર મુજબ લગારે અસત્ય ન બોલવું, પણ શાસ્ત્ર અનુસારે રાગ દ્વેષ રહિત જરૂર પડતું પ્રિય અને હિત વચનજ વદવું તેને શાસ્ત્રકાર બીજું **સત્ય** નામનું **મહાવ્રત** કહે છે. દેવ, ગુરૂ કે શાસ્ત્રની આજ્ઞાવિરૂદ્ધ કંઈ પણ વસ્તુ તેના સ્વામીની રજા શિવાય રાગ દ્વેષથી સર્વથા નજ લેવી તે ત્રીજું **અચૌર્ય** નામનું **મહાવ્રત** કહેવાય છે. દેવ, મનુષ્ય કે તિર્યંચ સંબંધી વિષયભોગનો રાગથી કે [illegible] સર્વથા ત્યાગ કરવો, દુર્ધર મન અને ઇંદ્રિયોને વશ થઇ નહિં જતાં તેમને પોતાને કબજે રાખવા તેને શાસ્ત્રકાર ચોથું **બ્રહ્મચર્ય મહાવ્રત** કહે છે. ધન, ધાન્ય પ્રમુખ નવ પ્રકારના બાહ્ય પરિગ્રહનો અને મિથ્યાત્વ, કષાય અને હાસ્ય પ્રમુખ ૧૪ પ્રકારના અભ્યંતર પરિગ્રહનો રાગ દ્વેષ રહિતપણે સર્વથા ત્યાગ કરવો તે પાંચમું **અકિંચનતા મહાવ્રત** કહેવાય છે.

એવી રીતે વર્ણવેલા પાંચ મહાવ્રત રૂપ સાધુ–ધર્મનું યથાર્થ આરાધન કરવાથી આત્મા જલદી મોક્ષ પદનો અધિકારી થઈ શકે છે. તેથી આપણે પણ સારાં લાગ્યે સાધુ–ધર્મને લાયક થઇએ એમ સદાય ઇચ્છવું અને તેટલા માટે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રથમ યથાશક્તિ ગૃહસ્થ ધર્મનું સેવન કરવું. ઉપર જણાવેલાં પાંચ મહાવ્રતો સંપૂર્ણ રીતે પાળવા અસમર્થને માટે શાસ્ત્રમાં તે અહિંસાદિક વ્રતોને યથાશક્તિ થોડા પ્રમાણમાં પણ પાળવા કહેલું છે. એવી રીતે અલ્પ પ્રમાણમાંજ પાળવામાં આવતાં તે **અહિંસાદિક પાંચ અણુવ્રતો** કહેવાય છે. તે ઉપરાંત અહિંસાદિક વ્રતોની રક્ષા અને પુષ્ટિ નિમિત્તે બીજાં ત્રણ **ગુણવ્રત** અને ચાર **શિક્ષાવ્રત** પણ કહેલાં છે. એમ સર્વે મળીને શ્રાવકનાં **બારવ્રત** કહેવાય છે. જો ગૃહસ્થ યોગ્ય તે વ્રતો અંગીકાર કરવાની ઇચ્છા થાય તો જરૂર તેનું સ્વરૂપ સદ્‌ગુરૂ સમીપે જઇ વિનયસહિત જાણી લેવું જોઇએ. પરમાર્થ સમજીને આત્માના કલ્યાણ માટે જો ધર્મ કરણી કરીએ તો તેથી સરલતા સાથે અધિક હિત થઇ શકે છે. ઉપર જણાવેલાં દ્વાદશ વ્રતનું વિસ્તારથી વર્ણન 'શ્રાવક કલ્પતરૂ' અથવા 'વ્રત ગાઇડ' નામના પુસ્તકમાં અલાયદું આપવામાં આવ્યું છે. તેનું લક્ષસહિત અવલોકન કરી તેમાં રહી જતી શંકાનું સમાધાન ગુરૂ ગમથી મેળવીને પ્રેમપૂર્વક અને પ્રમાદરહિત યથાશક્તિ તે તે વ્રત સદ્‌ગુરૂ પાસે અંગીકાર કરી પૂરતી કાળજીથી તેનું પાલન કરવું ઉચિત છે. એમ કરવાથી અનુક્રમે સાધુ–ધર્મની પણ પ્રાપ્તિ થઇ શકે છે.

જૈન શાસ્ત્રોમાં સઘળા વ્રતોનું મૂળ શુદ્ધ **શ્રદ્ધા** અથવા **સમકિત** કહેલું છું. જેમ એકડા વગરનાં કરેલાં મિંડા મિથ્યા છે અને એકડા સહિત કરેલાં સઘળાં મિંડા સાર્થક થાય છે તેમ સમકિતવગરની કરણી મિથ્યા છે અને સમકિત સહિત કરેલી સઘળી કરણી સાર્થક થાય છે. **સમકિત** રૂચિવંત જીવો આવી રીતે **પ્રતિજ્ઞા** અંગીકાર કરીને તેને પ્રેમ પૂર્વક પાળે છે–" રાગ દ્વેષાદિક દોષમાત્રથી સર્વથા મુક્ત થયેલા અને અનંત જ્ઞાનાદિક ગુણોથી અલંકૃત થયેલા **અરિહંત ભગવાન્** મારા **દેવ** છે. ઉપર વર્ણવેલાં પાંચ મહાવ્રતોને સદ્‌ગુરૂ સમીપે અંગીકાર કરી, ક્ષમાદિક દશ પ્રકારની ઉત્તમ શિક્ષાને સદાય સેવનારા ભવ્ય જનોને તેમની યોગ્યતા અનુસારે અમૃત ઉપદેશ આપનારા **સુસાધુઓ** મારા **ગુરૂ** છે. અને જિનેશ્વર ભગવાને ભાખેલાં જીવ, અજીવ, પુન્ય, પાપ, આશ્રવ, સંવર, નિર્જરા, બંધ ને મોક્ષ એ **નવતત્ત્વ** મારે પ્રમાણ છે. આવી રીતે શાસ્ત્રોક્ત સમકિત જીવતાં સુધી પાળવા હું બંધાઉં છું." સમકિતવડે થોડા વખતમાં ભવ ભ્રમણ મટી જાય છે તેથી તેનો પ્રભાવ અચિંત્ય છે. સમકિતવંતનું મૂળ લક્ષ આત્મ કલ્યાણ સાધવામાં હોય છે. પરંતુ તેને કુટુંબ પ્રતિપાલન કરવા વ્યાવહારિક કામ કરવાં પડે તે જેમ અને તેમ અંતરથી ન્યારો રહીનેજ કરે છે. એ પ્રભાવ સમકિત રત્નનોજ સમજવો. સમકિત સંબંધી ૬૭ બોલનું સવિસ્તર વર્ણન 'શ્રદ્ધાશુદ્ધિ ઉપાય' ગ્રંથમાં અલાયદું આપેલું છે. સમકિત ( તત્ત્વશ્રદ્ધા )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રાવકના વ્રત કે સાધુના મહાવ્રત **યોગ્યતા** વગર પ્રાપ્ત થઈ શકતા નથી. જેમને સમકિતપ્રમુખ પ્રાપ્ત કરવાની પ્રબળ ઇચ્છા હોય તેમને તેવી યોગ્યતા મેળવવાની પૂરી જરૂર છે. સામાન્ય રીતે **ધર્મરત્ન**ની યોગ્યતા મેળવવા ઈચ્છતા ભાઇ-બ્હેનોએ નીચે જણાવેલા ૨૧ ગુણોનો અભ્યાસ પાડવાની બહુ જરૂર છે તેની યાદી આ પ્રમાણે છે.

૧ ગંભીરતા યા ઉદાર દીલ.
૨ સુંદર નિરોગી શરીર.
૩ શાન્ત પ્રકૃતિ-સ્વભાવ.
૪ લોકપ્રિયતા (થાય તેવું સદ્વર્તન).
૫ હૃદયની કોમળતા-આર્દ્રતા.
૬ પાપનો, પરભવનો તથા વડીલનો ડર.
૭ નિષ્કપટપણે સરલ વર્તન.
૮ વ્યાજબી દાક્ષિણ્યતા રાખવી (કોઇએ કહેલાં ઉચિત વચનનો આદર).
૯ લજ્જા-મર્યાદા-અદબ રાખવી.
૧૦ દયા-સહુને આત્મ સમાન લેખવા.
૧૧ રાગદ્વેષ રહિત નિષ્પક્ષપાતી વર્ણન.
૧૨ સદ્ગુણ-ગુણી પ્રત્યે પવિત્ર પ્રેમ-રાગ.
૧૩ હિત-પ્રિય-સત્ય વચન કથન (વિકથા વર્જન અને શાસ્ત્ર વચન સેવન)
૧૪ સ્વજન-મિત્ર કુટુંબીને ધર્મરસિક કરવા પ્રયત્ન.
૧૫ શુભાશુભ પરિણામ આશ્રી લાંબો વિચાર કર્યાબાદ કોઇપણ કાર્યનો આરંભ કરવાની ટેવ.
૧૬ કોઇપણ વસ્તુના ગુણ દોષ સારી રીતે જાણવાની પદ્ધતિ.
૧૭ આચાર વિચારમાં કુશળ-શિષ્ટ પુરૂષોને અનુસરી ચાલવું. ઉત્તમ પુરૂષો પાસે તાલીમ લેવી.
૧૮ વડીલોનો તથા ગુણીજનોનો ઉચિત આદર કરવો.
૧૯ ઉપગારી લોકો માતા-પિતા-સ્વામી વિગેરે તથા હિતોપદેશ દેવાવાળા ગુરૂ મહારાજનો ઉપગાર સદાય સ્મરણમાં રાખવો.
૨૦ ત્રિભુવન હિતકારી તીર્થંકર મહારાજ જેવા મહાપુરૂષોનાં પવિત્ર દૃષ્ટાંત દીલમાં ધારી આપણે પણ આપણું કર્તવ્ય સમજીને પરોપકાર રસિક થવું.
૨૧ કોઇ પણ કાર્યમાં કુશળ, અલ્પ પ્રયાસે કાર્ય સાધી લેવાની ચંચળતા.

સંક્ષેપ માત્રથી ઉપર જણાવેલા ૨૧ ગુણો જ્યાંસુધી આપણામાં પૂર્ણ રીતે ખીલી નીકળે ત્યાંસુધી વારંવાર કાળજીથી તે ગુણોનું સેવન કર્યા કરવું જોઇએ. જેમ દુનીયામાં જીવે માની લીધેલી અનેક વ્હાલી વસ્તુઓ માટે અહોનિશ (રાત્રી દિવસ) ઉદ્યમ કરવામાં આવે છે તો તે વસ્તુ વહેલી મોડી પણ મળેજ છે તેવી રીતે કમર કસીને જો ઉપર જણાવેલા ધર્મ માટે ખાસ જરૂરના ગુણો મેળવવા પ્રયાસ લેવામાં આવે તો તે ઉપયોગી ગુણોની પ્રાપ્તિ થતાં આત્મા જલદી ધર્મરત્નને યોગ્ય થાય છે. કરેલો પ્રયાસ સર્વથા નકામો **જતોજ** નથી. જેમ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જેમ પ્રેમસહિત જણાવેલા ગુણો ખાતર અધિક પ્રયત્ન કરવામાં આવે છે તેમ તેમ આપણે તે ગુણોનો લાભ વધારે જલદી મેળવી શકીએ છીએ. સઘળા એકવીશ નહિં તો ઓછામાં ઓછા અર્ધાથી અધિક ગુણો તો અવશ્ય મેળવવાજ જોઇએ. તોજ આપણે કંઇ પણ અંશે ધર્મરત્નને યોગ્ય બનીએ છીએ. જો વસ્ત્રને ધોઈ સારી રીતે સાફ કરેલું હોય તોજ તેને રંગ યથાર્થ રીતે ચડી શકે છે અને ભિંત વિગેરેને પણ ઘડારી મઠારીને સારી રીતે આરિસા જેવી સાફ કરી હોય તોજ તેની ઉપર સારૂં ચિત્રામણ ઉઠી શકે છે; તેવીજ રીતે ઉપર જણાવેલા ઉત્તમ ૨૧ ગુણોવડે ચિત્તરૂપી વસ્ત્રને પ્રથમ સાફ–નિર્મળ કરવું જોઇએ, અથવા હૃદય–ભૂમિને યથાર્થ શુદ્ધ કરી લેવી જોઇએ, તોજ તેમાં ધર્મ રંગ ( રાગ ) સારો જામે છે અથવા ઉત્તમ વ્રતરૂપી ચિત્રામણ તેમાં સારી રીતે ખીલી નીકળે છે અને લાંબો વખત સુધી ટકી પણ શકે છે. એમ સમજી આપણે સહુએ આ અતિ અગત્યની વાત ઉપર પૂરતું લક્ષ રાખી જેમ તે ૨૧ ગુણોની પ્રાપ્તિ, રક્ષા અને વૃદ્ધિ બને તેમ અધિકાધિક પ્રયત્ન પ્રેમસહિત કરવો ઉચિત છે. તેની પ્રાપ્તિથીજ આપણે સમકિત પ્રમુખ ઉત્તમ ધર્મને લાયક બની, સદ્દગુરૂની કૃપાથી આત્માને અત્યંત ઉપગારી **ધર્મ** અલ્પ પ્રયાસે પામી શકશું.

જે ભાઇ બ્હેનો માર્ગાનુસારીપણાના ગુણોનું સારી રીતે પાલન કરે છે, તે જલદી પવિત્ર ધર્મને પામી શકે છે. તે ગુણોમાં પ્રથમ ન્યાય નીતિથી પ્રમાણિકપણે વર્તીને દ્રવ્ય ઉપાર્જન કરવાનું કહેલું છે. તે શિવાય વિશેષે કરીને સુઘટતા રાખવી, સત્સંગ કરવો, પરનિંદાથી નિવર્તવું, સારા ધર્મિષ્ટ પાડોશમાં રહેવું, નિર્ભય સ્થાનમાં વાસ કરવો, માતાપિતાદિક વડીલ જનોની આજ્ઞામાં રહેવું, આવકના પ્રમાણમાંજ ખર્ચ રાખવો, બુદ્ધિના આઠ ગુણ ધારવા (શાસ્ત્ર સાંભળવાની ઇચ્છા, શાસ્ત્ર સાંભળવું, તેનો અર્થ સમજવો, સમજેલો અર્થ યાદ રાખવો, તર્ક–વિતર્કવડે ગુરૂ પાસે શંકાનું સમાધાન કરી લેવું, એમ કરીને તત્ત્વજ્ઞાન એટલે સત્ય વાસ્તવિક પરમાર્થ યુક્ત જ્ઞાન મેળવવું), અજીર્ણ છતાં–પ્રથમ ખાધેલું પચ્યું ન હોય ત્યાં સુધી ભોજન નહિ કરવું, અકાળે ખાવું પીવું નહીં, ધર્મ, અર્થ અને કામને પૂર્વાપર બાધા રહિતપણે–વિરોધરહિત સેવવા, ગૃહસ્થ યોગ્ય આગતા સ્વાગતા સાચવવી, હઠ કદાગ્રહરહિત વર્તવું, લોકવિરૂદ્ધ તથા રાજ્યવિરૂદ્ધ તજવું, ગ્રહણ કરેલાં વ્રત–નિયમ દ્રઢ ટેકથી પાળવા, કામ, ક્રોધ, લોભ, મદ, માન અને હર્ષરૂપ અંતરંગ છ વૈરીને જીતવા, તેમજ ઇંદ્રિયોના વિષયસુખમાં નહિ મુંઝાતાં ઇંદ્રિયોને વશ કરવી–તેની શાસ્ત્રકારે ખાસ ભલામણ કરેલી છે. આમાંના ઘણા ગુણોનો મોટે ભાગે પ્રથમ જણાવેલા ૨૧ ગુણોમાં સમાવેશ થઇ જાય છે. અહીં ટુંકામાં બતાવેલા માર્ગાનુસારીપણાના ૩૫ ગુણોનું કંઇક વિસ્તારથી વર્ણન હિતોપદેશ–પ્રથમ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભાગમાં અને ૨૧ ગુણોનું વર્ણન હિતોપદેશ-બીજા ભાગમાં આપેલું છે ત્યાંથી તે કાળજી રાખી જોઇ લેવું અને તેનો પરમાર્થ સમજી બનતાં સુધી પોતાનું વર્તન સુધારી લેવા સુજ્ઞ ભાઇ બ્હેનોએ પ્રયત્ન કરવો. આપણા પોતાના હિત માટે જ્ઞાની પુરૂષોએ આપેલી અમૂલ્ય શિખામણોનો આપણાથી બની શકે ત્યાં-સુધી આદર કરવાથીજ આપણું શ્રેય સારી રીતે સધાય છે એ ભૂલી જવું નહીં. ઉપર જણાવ્યા મુજબ માર્ગાનુસારીપણાના ૩૫ ગુણો અથવા ધર્મરત્નની યોગ્યતા માટે કહેલા ૨૧ ગુણોનો સારી રીતે અભ્યાસ-મહાવરો રાખવાથી અનુ-ક્રમે સમકિતપ્રમુખ ધર્મરત્નની પ્રાપ્તિ થઇ શકે છે. તેનો પ્રભાવ અતિ અદ્ભુત છે.

જેમ ચંદ્રમાની વધતી કળાના યોગે સમુદ્રની વેળા વૃદ્ધિ પામે છે તેમ અધિક ધર્મ આચરણના યોગે સર્વ સુખ સંપદા સ્હેજે સંપજે છે. પવિત્ર ધર્મ આચરણ પ્રમાદરહિત કરી લેવું એજ આ મનુષ્ય જન્મ પામ્યાનું મુખ્ય કર્ત-વ્ય સમજીને હે ભવિજનો ! સકળ સુખના ભંડાર સમાન સર્વજ્ઞ ભાષિત ધર્મનું તમે અતિ આદરથી સેવન કરો !

જ્યાં સુધી જરા ( વૃદ્ધ ) અવસ્થા આવી પહોંચી નથી, વિવિધ વ્યાધિઓ પ્રગટ થયા નથી અને ઇંદ્રિયબળ ઘટયું નથી ત્યાંસુધી **ધર્મસાધન** જલદી કરી લ્યો ! નહિ તો પછી પસ્તાશો અને કરી શકશો નહિ. આ શરીરનો કશો ભરૂંસો નથી. જોતજોતામાં પાણીના પરપોટાની જેમ તે હતું નહતું થઇ જાય છે માટે ચેતવું હોય તો જલદી ચેતી લ્યો. તત્ત્વાતત્ત્વ, હિતાહિત, કૃત્યાકૃત્ય અને લાભાલાભનો વિવેકથી વિચાર કરી લેવો એજ બુદ્ધિ પામ્યાનું ફળ છે, યથા-શકિત શુભ વ્રત નિયમ અંગીકાર કરી ટેકથી પાળવાં એજ દેહ પામ્યાનું ફળ છે; વિવેકથી પાત્ર-સુપાત્રનું પોષણ કરવું એજ લક્ષ્મી પામ્યાનું ફળ છે અને સામાને રૂચે એવું પ્રિય હિતકારી વચન કહેવું એજ વાણીનું ઉત્તમ ફળ છે. એમ દીલમાં ખૂબ સમજી રાખી સમય ઓળખી સ્વકાર્ય સુધારી લ્યો અને બની શકે તો બીજાને પણ ઉચિત સહાય આપતા રહો.

એ પવિત્ર ધર્મની સહાયથીજ **વિક્રમાદિત્ય** અને **શાલિવાહન** સુપ્ર-સિદ્ધ થયા. ધર્મની કૃપાથીજ બધાં બનાવટી મનુષ્ય, હાથી અને ઘોડાં સંગ્રામ સમયે સાચા-સચેતન થઇ કામે આવ્યા જેથી પોતાની આણ દાણ પ્રર્વત્ર પસરી. એ પૂર્વે કરેલાં ધર્મ-પુન્યનોજ પ્રભાવ સમજવો.

**સન્મિત્ર-કર્પૂરવિજયજી.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# श्रावकनुं प्रथम व्रत.

## ( પ્રાણાતિપાત વિરમણ-જીવહિંસા ત્યાગ )

પાપરૂપી અંધકારનો ભેદ કરવાને સૂર્યસમાન સમકિતના બાર રાશિની જેમ બાર શ્રાદ્ધ વ્રતો કહેલાં છે. તેમાં નિરપરાધી ત્રસ જીવોનું હિંસાથી તથા અંગપીડાથી રક્ષણ કરવારૂપ **અહિંસા** નામનું પહેલું શ્રાવકોનું અણુવ્રત છે. સુકૃતરૂપી કમળમાં નિવાસ કરનારી અને અત્યંત નિર્મળ ( ઉજ્વળ ) આ અહિંસારૂપી હંસીજ સંસારરૂપી જળ અને મોક્ષરૂપી દૂધનો વિવેક ( પૃથક્કરણ ) કરવા માટે સેવવાલાયક છે. આ અહિંસા મોક્ષની પ્રાપ્તિ પર્યંત પૃથ્વી તથા સ્વર્ગના ભોગ અને સુખલક્ષ્મીરૂપ પગથીયાંની શ્રેણીથી શોભતી નીસરણી જેવી છે. **સૂર** અને **ચંદ્ર**ની જેમ હિંસા પ્રાણીઓને નિરંતર દુઃખ આપે છે અને અહિંસા ઉત્કૃષ્ટ સુખ આપે છે.

### સૂર અને ચંદ્રની કથા.

સ્વરૂપવડે, સંપત્તિવડે, અને સુકૃતની વૃદ્ધિવડે ઇંદ્રના પુરનો વિજય કરનારૂં **જયપુર** નામે નગર છે. તેમાં લક્ષ્મીનાં પાત્રરૂપ **શત્રુંજય** નામે રાજા રાજ્ય કરતો હતો. તેનો યશરૂપી સમુદ્ર શત્રુઓના અપયશરૂપી શેવાળથી શોભતો હતો. તે રાજાને જગતના જંતુઓને જાગૃતિ તથા આનંદ આપવામાં સૂર્ય ચંદ્રની જેવા તેમજ સત્પુરૂષોને માન્ય એવા **સૂર** અને **ચંદ્ર** નામના બે પુત્રો હતા. તેમાંના મોટા પુત્રને શ્રેષ્ઠ ગુણોની ભ્રાંતિએ કરીને સ્નેહના ઉલ્લાસને ધારણ કરતા રાજાએ યુવરાજપદ આપ્યું, અને ચંદ્ર નામના નાના પુત્રની આજીવિકા માત્ર પણ કરી આપી નહીં. તેથી પોતાના આવાસમાં સુતેલા ચંદ્રે રાત્રીએ વિચાર કર્યો કે—“ રાજાએ આજે પોતેજ હર્ષથી સૂરને યુવરાજ પદ આપ્યું અને મને તો પત્તિમાત્રનું પણ પદ આપીને આજીવિકા કરી આપી નહીં. અહો ! પિતાનો મોહ કેવો છે ? તેથી હવે રાજાથી પરાભવ પામેલા મારે અહીં રહેવું યુક્ત નથી. યૂથપતિથી અપમાન પામેલો કલભ ( હાથીનો બાળક ) શું યૂથમાં રહી શકે ? ” આ પ્રમાણે વિચાર કરીને અત્યંત પરાભવ પામવાથી સ્નેહરહિત થયેલો ચંદ્ર પ્રમાદનો ત્યાગ કરીને રાત્રીને સમયે જ ગુપ્ત રીતે પોતાના ઘરમાંથી નીકળી ગયો. સ્વદેશનો ત્યાગ કરવામાંજ રંગને ધારણ કરનાર ચંદ્રકુમાર શરીરે કોમળ છતાં પણ ચિત્તના ઉત્સાહને લીધે ક્લેશરહિત ચાલતો દૂર દેશમાં ગયો. અનુક્રમે તે **રત્નપત્તન** નામના અદ્ભુત નગર પાસે જઇ પહોંચ્યો. તે નગરના ઉદ્યાનની સમીપે એક વૃક્ષની નીચે તે વિશ્રાંતિ લેવા બેઠો, ત્યાં કર્ણને પીવાલાયક અમૃત સમાન વચનો સાંભળી ચંદ્ર કુમાર તે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્વરને અનુસારે તે ઉદ્યાનમાં પેઠો. ત્યાં તેણે એક સુંદર દર્શનવાળા મુનિને જોયા. પછી સભાની મધ્યભૂમિમાં જઇ તત્ત્વાર્થનો ઉપદેશ કરનાર મુનિને નમન કરીને તે યોગ્ય સ્થાને બેઠો. ત્યાં શુદ્ધ ભાવપૂર્વક તેણે તે મુનિના મુખથી આ પ્રમાણે ધર્મોપદેશ સાંભળ્યો–" પુણ્યશાળી ગૃહસ્થોએ પ્રાયે અપરાધી પ્રાણીઓ પણ હણવા લાયક નથી. તો પછી નિરપરાધી પ્રાણીઓ તો શી રીતેજ હણવા યોગ્ય હોય ? " ઇત્યાદિ કર્ણ પ્રદેશના નાંદી સમાન દેશના સાંભળીને તે કુમારે કરૂણા ઉત્પન્ન થવાથી પોતાની વાણીવડે આ પ્રમાણે અંગીકાર કર્યું કે–" આજથી મારે શૂરવીરપણાની વૃત્તિ વિના અન્યત્ર અપરાધી પ્રાણીઓને પણ સ્વામીનો આગ્રહ છતાં હણવા નહીં. " આ પ્રમાણે મોટા સત્ત્વવાળો તે ચંદ્ર નિશ્ચય કરીને ગુરૂને નમસ્કાર કરી તેજ ગામમાં જઇ ત્યાંના **જયસેન** નામના રાજાની સેવા કરવા લાગ્યો. શૌચ, સત્ય, ઉચિતતા, ચતુરાઇ અને દાક્ષિણ્યતા વિગેરે પોતાના અદ્ભુત ગુણોએ કરીને તે ચંદ્ર રાજાનો પ્રીતિપાત્ર થયો. એકદા પ્રેમપૂર્વક હાસ્યવડે અધર ( ઓષ્ઠ ) ને સ્નાન કરાવતો રાજા એકાંતમાં શુદ્ધ વિવેકવાળા ચંદ્રને બેસાડીને તેને કહેવા લાગ્યો કે– " હે ચંદ્ર ! જેઓ ઇંદ્રની સાથે પણ યુદ્ધમાં ધીર અને દૂધના જેવી ઉજ્વળ કીર્ત્તિવાળા મારા વીર પુરૂષો છે, તેમને પણ તારી દૃષ્ટિ તૃણસમાન ગણે છે. ધૈર્યરૂપી રસ ( જળ ) ના સમુદ્રમાં નવી કમલિનીના જેવી આ તારી દૃષ્ટિજ ક્રિયાએ કરીને જેના સમગ્ર ગુણો કહેલા છે એવા તારા પુરૂષાર્થને બતાવી આપે છે. તેથી હે વીર પુરૂષોના સમૂહમાં અગ્રેસર ! મારૂં શત્રુરૂપી શલ્ય કે જે સ્ખલના પામતું અને પોતાના ઉદયથી આરોપણ કરાયેલું છે, તેને જલદી તું ખેંચી કાઢ. અન્યાયરૂપી મદિરાના કુંભ ( ઘડા ) જેવો અને ન્યાયરૂપી વૃક્ષને ભાંગવામાં હાથી જેવો **કુંભ** નામનો એક ઉગ્ર શત્રુ ( પલ્લીપતિ ) ચોરરૂપ થઇને મને ઉપદ્રવ કરે છે. આ ક્રૂર શત્રુ સ્ત્રીઓનું અને ગાયોનું હરણ કરે છે, યતિઓને પણ હણે છે, અને સૈન્યવડે રૂંધ્યા છતાં પણ તે યમરાજને પણ દુર્ગમ એવા દુર્ગ ( કિલ્લા ) માં પ્રવેશ કરે છે. તેથી કરીને મહાદુર્ગને તોડનાર અને સુંદર પરાક્રમવાળો તું તેના દુર્ગમાં ગુપ્ત રીતે પ્રવેશ કરીને મારી પ્રસન્નતાને માટે તેને સુતો હણી નાખ ! " આ પ્રમાણે રાજાએ કહ્યું, ત્યારે ચંદ્ર કુમાર તીર્થંકરના ધર્મરૂપી મહાસાગરને જાગૃત કરનાર અમૃતમય વાણીથી બોલ્યો કે–" હે સ્વામી ! યુદ્ધ વિના જંતુઓને મારવાનું મારે પ્રત્યાખ્યાન છે, તથા યુદ્ધમાં પણ ત્રાસ પામેલા, આનંદ રહિત થયેલા અને આયુધ રહિત એવા પ્રાણીઓને મારવાનું પ્રત્યાખ્યાન છે. " આ પ્રમાણે ચંદ્રના શૌર્યમય અને ધર્મમય નિશ્ચયને જાણીને રાજાએ મનને ગર્વ અને હર્ષનું સ્થાન કર્યું. પછી પ્રસન્ન થયેલા રાજાએ અનુક્રમે તે ચંદ્રને અંગરક્ષકનો અધ્યક્ષ, પછી મંત્રીઓમાં મુખ્ય અને છેવટ સર્વ રાજ્યનો અધિકારી કર્યો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એકદા પાપના વ્યાપારને પામેલો તે કુંભ નામનો ચરટ ( ચોરનો પતિ ) બળવાન્ એવી મોટી સેનાસહિત તેના દેશમાં અકસ્માત્ આવ્યો અને કીલ્લામાં પ્રવેશ કર્યો. તે વખતે ચંદ્ર કુમાર સારભૂત વીર પુરૂષોના સમૂહસહિત તેના વધને માટે દોડ્યો અને ત્વરાથી આડે રસ્તે સૈન્ય લઈ જઈ કિલ્લાના માર્ગોને તેણે રોકી દીધા. પછી વિકસ્વર અને ભયંકર ચંદ્રના સૈન્યના ભયથી નાશી જતા તે ચરટને પુરની અંદર રાખેલા ઉત્સાહવાળા સુભટોના સમૂહે રૂંધ્યો. આગળ, પાછળ અને બન્ને બાજુ વીંટાયેલા ( ઘેરાયેલા ) સૈન્યવડે તે કુંભ સર્વ દિશાઓમાંથી દોડી આવતા દાવાનળથી વીંટાયેલા વનના હાથીની જેમ આકુળ વ્યાકુળ થઈ ગયો અને વીંટોળીયાની વચ્ચે રહેલા કસુંબાના વૃક્ષ ( અથવા પુષ્પ ) ની જેમ સેનાની વચ્ચે સપડાયેલો તે કુંભ કોઇ પણ રીતે લેશ પણ જીવતા ભાગી જવાના ઉપાયને પામ્યો નહીં. તેથી તે " મારે વિષે શૌર્યરૂપી અગ્નિનો લેશ પણ નથી " એમ જાણે દેખાડતો હોય તેમ નિઃશ્વાસસહિત મુખમાં તૃણ લઇને ચંદ્રના પગમાં પડ્યો. તે વખતે પ્રસન્ન હૃદયવાળા, કરૂણાની સ્ફૂતિવાળા અને અત્યંત યશવાળા તે રાજકુમારે ( ચંદ્રે ) હર્ષથી રોમાંચિત થઇ તે કુંભને ઉભો કરીને આલિંગન આપ્યું. ત્યારથી અત્યંત આનંદ પામેલો રાજા સ્ફુરણાયમાન સૂર્ય સમાન તેજવાળા તે ચંદ્રને પોતાના પુત્રથકી અને પોતાથકી પણ અધિક માનવા લાગ્યો.

અહીં ચંદ્રનો મોટો ભાઇ સૂર યુવરાજની લક્ષ્મીવડે પણ તૃપ્ત થયો નહીં, તેથી તે ક્રૂરે રાજ્ય લેવા માટે પિતાનો વધ કરવાની બુદ્ધિ કરી. રાત્રી સમયે હાથમાં તીક્ષ્ણ શસ્ત્રસમૂહને ધારણ કરી પહેરેગિરોને છેતરી આડે માર્ગે થઇને યમરાજથી આજ્ઞા કરાયેલા સર્વની જેમ તે રાજમહેલમાં પેઠો. ત્યાં અવળું મુખ રાખીને સુતેલા રાજાને તેણે તીવ્ર શસ્ત્રવડે હણ્યો. કહ્યું છે કે-" ઘણો લોભ તે પાપનું મૂળ " પછી આવા ક્રૂર કર્મથી ત્રાસ પામતા તે સૂરને સામું મુખ રાખીને સુતેલી રાણીએ જોઈને પોકાર કર્યો કે—" આ કોઈ રાજાને હણીને જાય છે." તે સાંભળતાંજ દ્વારપાળો દોડ્યા. એટલે રાજાએ કહ્યું કે—" એ ઘાત કરનાર કોણ છે ? તેને જાણી લેવો (પકડવો) પણ હણવો નહીં. " પછી રાજાએ પોતાનાજ પુત્રને વિકારવાળો થયેલ જોઇને યૂથથી ભ્રષ્ટ થયેલા ઉંટની જેમ તેને પોતાના દેશમાંથી કાઢી મૂક્યો. ત્યારપછી રાજાએ વેગવાળા ઘોડેસ્વારો અને ઉંટના સ્વારો સહિત પ્રધાન પુરૂષોને મોકલીને ચંદ્રકુમારને બોલાવ્યો. કુમાર પણ જયસેન રાજાની રજા લઇ પોતાના પુરમાં આવ્યો. અને પિતાને તેવી અવસ્થાવાળો જોઇને હર્ષ તથા શોક પામ્યો. પછી રાજા ચંદ્રકુમારને રાજ્યપર સ્થાપન કરી શસ્ત્રના ઘાની પીડાથી સૂરકુમારપર દ્વેષસહિત મરણ પામી કોઈ પર્વતમાં હાથી થયો.

કલંકથી મલિન થયેલો સૂરકુમાર પણ કુકર્મોવડે આજીવિકા કરતો અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દેશાંતરોમાં ફરતો એકદા તેજ હાથીથી શોભતા વનમાં આવ્યો. ત્યાં પાપથી પરાક્રમરહિત થયેલો તે સૂર તે હાથીને જોઇને નાસવા લાગ્યો, પણ પૂર્વભવના વૈરને લીધે ક્રોધાયમાન થયેલા તે હાથીએ તેને મારી નાખ્યો. તે સૂરનો જીવ મરીને તેજ વનમાં ભિલ્લ થયો. અનુક્રમે યુવાવસ્થાને પામી હિંસાદિક પાપના આરંભમાં મગ્ન થયેલા તેને તેજ હાથીએ મારી નાંખ્યો. તે જોઈ કોપના આવેશથી અંધ થયેલા તેના બંધુઓએ તે હાથીને પણ મારી નાંખ્યો. પછી તે બન્ને તેજ પર્વતના વનમાં ભુંડ થયા. ત્યાં ત્રણ વર્ષના થયા ત્યારે સ્પષ્ટ દ્વેષવાળા તે બંન્ને પરસ્પર યુદ્ધના વ્યસનમાં વ્યગ્ર થયા. તેમને પારધીઓએ મારી નાંખ્યાં. પછી તે બન્ને બીજા કોઇ વનમાં મૃગલા થયા. ત્યાં પણ તે જ પ્રમાણે દ્વેષથી યુદ્ધ કરવા લાગ્યા, અને છેવટ તેમને ભિલ્લ લોકોએ મારી નાંખ્યા. ત્યાંથી તે બન્ને એક હાથીના ટોળામાં હાથીરૂપે ઉત્પન્ન થયા. ત્યાં પણ તેઓ પરસ્પર યુદ્ધ કરતાં ટોળામાંથી જુદા પડ્યા. અને તેમને ભિલ્લ લોકોએ પકડયા. પછી અનુક્રમે તે બન્ને ચંદ્ર રાજાના રાજ્યમાં આવ્યા. ત્યાં પણ પરસ્પર યુદ્ધ કરતા તેમને માહાવતોએ બળાત્કારે બાંધી યુદ્ધ કરતાં અટકાવ્યા. ત્યાર પછી કોઈ દિવસ તે નગરના ઉપવનમાં કેવળજ્ઞાનવડે શોભતા અને જિન દર્શનના સૂર્ય સમાન **સુદર્શન** નામના મુનિ પધાર્યા. તે વાત સાંભળીને ગાઢ ભક્તિવાળી મનોવૃત્તિને વહન કરતો પૃથ્વીનો સ્વામી ચંદ્ર પૌરજનોસહિત તે મુનિને નમવાની ઇચ્છાથી ઉપવનમાં ગયો. ત્યાં તે પૃથ્વીપતિ તત્ત્વાર્થને જાણનાર મુનિને નમન કરીને ધર્મદેશનારૂપી અમૃતના પૂરનું પાન કરવા યોગ્ય સ્થાને બેઠો. વ્યાખ્યાન થઇ રહ્યા પછી રાજાએ તે હાથીનું વૃત્તાંત પૂછયું, ત્યારે તે કેવળીએ તે બન્ને હાથીનું અત્યંત દારૂણ એવું વૈરનું કારણ કહ્યું. તે ચરિત્ર સાંભળવાથી સંવેગ પામેલા રાજાએ સંસારપર ઉદ્વેગ પામી તત્કાળ પોતાના પુત્રને રાજ્ય સોંપી પ્રવ્રજ્યા ગ્રહણ કરી. તે રાજર્ષિ તપસ્યારૂપ સૂર્યના તેજવડે શોભવા લાગ્યા અને અનુક્રમે આયુષ્ય પૂર્ણ કરી અત્યંત આનંદ રૂપ અમૃતની વાવસમાન સ્વર્ગમાં ગયા. વૃદ્ધિ પામતા વિરોધના ઉર્મીથી દુર્ધર એવા બન્ને હાથીઓ ત્યાંથી મરીને દુઃખરૂપી રસનો આસ્વાદ કરવામાં વરસાદના કરાસમાન પ્રથમ નરકે ગયા. ત્યાંથી નીકળીને તે બંને પાપ ( નીચ ) યોનિમાં જન્મ પામી અનંત ભવમાં આત્માને સંતપ્ત કરી સર્વત્ર ભટકયા. ચંદ્રનો જીવ તો વખાણવાલાયક સ્વર્ગના સુખને ચિરકાળ ભોગવીને ઉચ્ચ કુળમાં મનુષ્યપણું પામી મોક્ષલક્ષ્મીનો સ્વામી થયો.

મુક્તિની પ્રાપ્તિનાં કારણ રૂપ આ દૃષ્ટાંત સાંભળીને મોક્ષની ઇચ્છાવાળા પ્રાણીઓએ અહિંસા વ્રતના ઉપાસક થવું.

॥ इति प्राणातिपातविचारे सूरचन्द्रयोः कथा ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# मुलतानकी आठवीं जैन श्वेताम्बर कॉन्फरन्सकी स्वागतकारिणी सभाके सभापतिका व्याख्यान.

देवोऽनेकभवार्जितोर्जितमहापापप्रदीपानलो ।
देवः सिद्धिवधूविशालहृदयालङ्कारहारोपमः॥
देवोऽष्टादशदोषसिन्धुरघटानिर्भेदपञ्चाननो ।
भव्यानां विदधातु वाञ्छितफलं श्री वीतरागो जिनः ॥

जङ्गमतीर्थ मुनिराजाओ ! प्रियसधर्म्मी भाइयो ! तथा बहिनो !

आज मेरे हर्षका पारावार नहीं है कि श्री संघ मुलतानेने मुझे स्वागतकारिणी कमेटीके प्रमुखपदपर नियुक्त किया है. जिसके लिए श्री संघ मुलतानका बहुत आभारी हूं. इस स्वागतकारिणी कमेटीकी औरसे आपलोगोंको धन्यवाद देता हूं. और हृदयसे उपकार मानता हूं कि आपलोगोंने हमारे आमन्त्रणपत्रका स्वीकार कर सफरकी तकलीफ. खर्च और बहुमूल्य समयकी परवाह न कर केवल धर्मोन्नतिके लिए इस मुलतानशहरमें आनेकी कृपा कीहै. आप लोगोंके आनेसे पवित्र जैनधर्मकी प्रभावना हुई है. यह सर्व प्रताप जैनधर्मोत्तेजक श्री १००८ श्री मद्विजयानन्द सूरीश्वर (आत्मारामजी) महाराजकाही है. जिनके परमपवित्र नामसे न केवल हिन्दुस्तानके पंजाब, गुजरात, मारवाड, बंगालादि देशोंके जैनी परिचित हैं, बल्कि उनकी सुयोग्यता, सुप्रतिष्ठितता और विद्वत्ताकी सुगंध विलायत अमेरिकादि. दूर देशोंमेंभी पहुंच चुकी है और यूरोपके विद्वान् डॉक्टर ए. एफ. रुडॉल्फ हॉरनल साहेब बहादुरने गद्गद्स्वरसे उनकी स्तुतिमें कई श्लोक रचकर भेजे हैं. जिनमेंसे मैं केवल एकही श्लोकको सुनाता हूं.

दुराग्रहध्वांतविभेदभानो ! हितोपदेशामृतसिंधुचित्त! ।
संदोहसन्देहनिरासकारिन् ! जिनोक्तधर्मस्य धुरन्धरोऽसि ॥

तथा अमेरीकाके प्रसिद्ध चिकागो शहरमें जब १८९२ में सर्व धर्मोंका अधिवेशन हुआथा उनकी रीपोर्टकी किताबमें पृष्ठ २१ पर इनका चित्र देकर इस तरह अंग्रेजीमें स्तुति कीहै.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



" No man has so peculiary identified himself with the interests of the Jain Community as " Muni Atmaramji ". He has one of the noble band sworn from the day of initiation to the end of life to work day and night for the high mission they have undertaken. He is the high priest of the Jain Community and is recognized as the highest living " Authority " on Jain religion and literature by oriental scholars.

इन्ही महात्माके प्रताप और सदुपदेशसें पंजाबमें सनातन जैनधर्म्मकी नींव रखी गई है. और नगर नगरमें जैन मन्दिर तैयार किये गये है. यद्यपि वह महात्मा स्वर्गवासी होगये हैं तथापि पट् शास्त्र प्रवीण उक्त गुरुराजके शिष्य सम्प्रदायमें उनके पट्टधर श्री मद्विजयकमलसूरिजी महाराज, श्रीमान उपाध्याय श्री वीरविजयजी महाराज, श्रीयुत् प्रवर्तक श्री कान्तिविजयजी महाराज, शान्तमूर्त्ति श्री हंसविजयजी महाराज, परम विख्यात श्री मुनि वल्लभविजयजी आदि मुनिराजोंकी छत्रछाया जैनसमाजके शिरपर निश्चल है. उन्ही न्यायाम्भोनिधिजीके प्रशिष्य श्री मुनि लब्धिविजयजी महाराजके उपदेशसे श्री जैन श्वेताम्बर कोन्फरन्सके मुरझाए हुए पौधेमें तीन वर्षके पीछे जीवनसंचार किया गया है. में शासनदेवतासे प्रार्थना करताहुं कि यह कोन्फरन्स चीरकालतक सजीव रहे. जैन महोदय इसे तन मन धनसे सहायता दें. इसको कायम रखनेका सुदृढ प्रबन्ध करें. प्रथम इस कोन्फरन्सका बीज श्री फलोधीपार्श्वनाथ भगवानके परमप्रभावक तीर्थपर मिस्तर गुलाबचंद ढड्ढा एम. ए. ने डालाथा. जिसके लिए जैन समाज उनका बहुत उपकार मानता है. यह बीज मुंबाई पाटण वगैरे नगरोंमें अंकुरित हुआ. क्रमशः वृक्षरूपमें दिखलाई देने लगा. इससे मिष्ट फल पानेकी आशाभी लोगोंके हृदयमें स्थान पायी हुईथी कि कई कारणोसे यह कोन्फरन्सका दो तीन वर्ष अधिवेशन न होनेके कारण फिर लोगोंके दिलमें संदेह होने लगा. हर्षका विषय है कि सेठ जवाहरलालजी जैनी सिकन्दराबादनिवासीकी प्रेरणासे और महाराज श्री लब्धिविजयजीके उपदेशसे आज हमें इस अधिवेशन करनेका और सम्मीलित होनेका सौभाग्य प्राप्त हुआ है. और में आशा करताहुं कि सभी जैनभाई इस कोन्फरन्स सरीखी सर्वोपयोगी संस्थाको अपना कर इसके उत्पादक मान्य गुलाबचन्द ढड्ढाजीके उत्साहको बढावे. और इस संस्थाके द्वारा सर्व हितकर कार्य होनेमें योग दें. अभीतक कोन्फरन्सकी ओरसे जो कुछ हुआ है वह

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



सर्वथा प्रशंसा योग्य है इस संस्थामें जिन जिन धनिकोंने सहायता दी है वे सभी धन्यवाद भागी है. धार्मिक लौकिक संस्थाओंकी सुधारणा करना यह कोन्फरन्सका मुख्य उद्देश है. निजके पारस्परिक कलहोंको धार्मिक कार्योंमें जगह देकर किसीने किसी रूपसे सर्व साधारण कोन्फरन्स सरीखी संस्थामें आघात पहुंचाना यह जैनोके लिए बिल्कुलही निन्दाका स्थान है.

इस लिए एक कमेटीकी आवश्यकता है जिसका यह काम होगा कि आपस आपसके मनोमालिन्यको दूर कर एकताका संचार करे. विद्याकी कमीके कारण धार्मिक संस्थाएं मन्दगतिसे चलती हैं और इस वातको कौन नहीं जानता कि विद्याकेविना उन्नतिकी आशा दुराशा मात्र है. इस लिए जगह जगह लडकें लडकियोंके लिए पाठशालाएं स्थापन करें. श्राविकाश्रम खोलें. विधवाश्रम और अनाथालय यतीमखाना जारी करें. महाविद्यालय और बॉर्डिंग हाउस बनावें और इनमें जैन पंडितोद्वारा शिक्षाका प्रबन्ध करें. धार्मिक शिक्षाके सम्बन्धमें हम लोगोंका अपने मुनिराजोंसे विशेषतर सहायताकी जरूरत है.

महाशयों ! प्राचीन ग्रन्थरत्नोंके उद्धारकी बडीही जरूरत है. जो बहुमूल्य ग्रन्थभडारोंमें सड रहे हैं. उन्हे प्रकाशित करके उनमेंसे सर्व प्रिय ग्रन्थोंका भिन्न भिन्न भाषाओंमें सरलताके साथ अनुवाद करवानेकी जरूरत है. एसा होनेसे सवही देशवासियोंको इस धर्मके तत्त्व जाननेका मार्ग खुल जायगा. जिस जगह उपदेशक नहीं पहुंचते है वहांभी पुस्तकसे उपदेशकका काम निकल जाताहै. नये मंदिर बनानेकी अपेक्षा पुराने मंदिरोका जीर्णोद्धार अत्यावश्यक है. प्रचलित कुरीतियोंको दूर करनेका ध्यान रखना चाहिए. मामुली वातोंमें और कुरीतीयोंमें हजारों रुपये खर्च किये जाते है और आवश्यक कामोंमें कृपणता बतलायी जाती है यह ही अवनतिका कारण है.

श्रीमानोको उद्योगशाळा खोलनेकी ओर ध्यान देना चाहिये. मेरा विश्वास है कि कॉन्फरन्समें धार्मिक और लौकिक उन्नतिके मार्गरूप प्रस्ताव पास होगें और सभी शिक्षित महावीरके अनुयायी उनका हृदयसे स्वागत करेगें. अब मैं इस ब्रीटिश राज्यका अन्तःकरणसे धन्यवाद करताहूं कि जिसके पक्षपातरहित राज्यमें सर्व मतावलम्बी अपने अपने मतानुसार विना किसी प्रकारकी रोक टोकके उन्नति कर सकते है. हमारे जैनमतानुसार धर्मका यह एक मन्तव्य है कि जिस राज्यकी

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



छत्रछायातले हम अपने धर्मको निर्विघ्नतासे पालन करते है उसके राजभक्त बनकर सदैव जय मनावें. जैसे कहाभी है कि " राजाधिपानां शान्तिर्भवतु. " इस लिये हम अपने कृपालु राजाधिराजकी और ही अपनी कार्यसिद्धि और रक्षाके लिये देखते है. इसके साथही मैं अपने नामदार जनाब डिपुटी कमिशनर रायबहादुर नरेंद्रनाथजी साहेब तथा पुलीस कपतान मिस्टर हेडिसाईड आदि अफसरोंका धन्यवाद करताहूं और उपकार मानताहूं. आये हुए जैन बंधुओंसे प्रार्थना करताहूं कि जो कुछ आप लोगोंकी सेवा चाकरी करनेमें कमी रहीहो तो आप क्षमा करें.

**सर्व मंगल मांगल्यं, सर्व कल्याणकारणम् ।**
**प्रधानं सर्व धर्माणां, जैनं जयति शासनम् ॥**

# એક અનુકરણીય સ્તુત્ય પગલું.

### રૂા. ૧૫૦૦૦ ) ની ઉદાર જૈન સખાવત.

કેળવણીના કાર્યમાં રસ લેનાર પ્રત્યેક વિચારશીલ પુરૂષને જાણીને આનંદ થશે કે વીરમગામમાં પન્યાસજી શ્રી નીતિવિજયજીના ઉપદેશથી જૈન સંસ્કૃત પાઠશાળા સ્થાપવા માટે અત્રેના એક પરોપકારી સખી ગ્રહસ્થ **ઝવેરી ઉજમશી વીરચંદે** રૂા. ૧૫૦૦૦ ) જેવડી મોટી રકમની ઉદારતાથી ભેટ કરી છે. આ ગામ વેપાર રોજગારમાં ઘણું આગાઢી ભરેલું સ્થાન ભોગવે છે અને જૈનોની વસ્તી પણ સારા પ્રમાણમાં છે છતાં ત્યાં વિચરતા સાધુ સાધ્વીઓ તેમજ અત્રે રહેતા જૈનોના બાળકોને સંસ્કૃત વિદ્યાનું સહેલાઈથી સારી રીતે જ્ઞાન થઈ શકે એવા પ્રકારના સાધનની એક જબરી ખોટ હતી, તે પન્યાસજીના સ્તુત્ય પ્રયાસ અને ઉપદેશને સમજી ધારણ કરી શકે તેવા હૃદયવાળા આ ઉદાર ગૃહસ્થની આવી મોટી મદદથી પૂરી પડી છે, અને તેથી આશા રહે છે કે સંસ્કૃત ભાષાના જ્ઞાનવડે ધાર્મિક બાબતમાં પણ અહીંની જૈન પ્રજા ઘણો રસ લેતાં શીખી પોતાના જીવનને સુમાર્ગે દોરી શકશે અને તેનું મહાન્ પુણ્ય સ્વર્ગસ્થ ઝવેરીના આત્માને ચીર સ્થાયી શાંતિ અર્પશે. સદરહુ સખાવત સ્વર્ગસ્થે પોતાના અંતકાળના નજીકના દિવસોમાં કરી છે. જગતમાં તેવા પુરૂષોનું જીવન ધન્ય છે કે જેઓ પોતાની પાસેના સાધનોનો પરોપકારાર્થે સદ્વ્યય કરે છે, અને તેમાં પણ જ્ઞાન અર્પનાર ઉત્તમ સાધન ઉભું કરી શકાય તેવી દિશામાં દાન કરનાર પુરૂષોના જીવનને સહસ્રવાર ધન્ય છે. અમને આશા છે કે સ્વર્ગસ્થ ઝવેરીના આ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એક ઉત્તમ પગલાંનું અનુકરણ કરી પોતાથી બની શકતી સેવા આવા જ્ઞાન-દાનની દિશામાં કરવા સઘળા જૈન બંધુઓ ઉદ્યુક્ત થશે અને મનુષ્ય જીવનની સાર્થકતા કરશે.

સદરહુ પાઠશાળાનું સ્થાપન થોડા વખતમાં એટલે આવતા વૈશાખ માસ સુધીમાં થશે.

**માસ્તર રતનચંદ સુખચંદ. વીરમગામ.**

# घणुं जीवो लखतरना नेक नामदार ठाकोर साहेब.

વિનંતિ કે મારા મિત્ર અને જીવદયાના જાણીતા હિમાયતી રા. રા. લાભશંકર લક્ષ્મીદાસે આપ દયાળુ સાહેબના મુખ્ય કારભારી સાહેબ રા. રા. મગનલાલ ત્રીભુવનદાસ તરફથી તેમને મળેલા તા૰ ૧૦–૨–૧૯૧૩ ના પત્રમાં [illegible] નીચેના ઘણા આવકારદાયક સમાચાર મને લખી જણાવ્યા છે:—

> “ કાઠીયાવાડ વેજીટેરીયન સોસાયટી સંબંધમાં ‘दया धर्मको मूल हए’ એ કહેવતવાળું પ્રસિદ્ધ પત્ર અહિંના નામદાર ઠાકોર સાહેબ શ્રી કરણસિંહજી સી. એસ. આઇ. ના નામ ઉપરનું આવતાં વાંચી તે નામદાર ઘણા ખુશી થયા છે. અને જવાબમાં આપને જણાવવા આજ્ઞા કરી છે કે ખુદ પોતે, રાજ્ય કુટુમ્બ, અને ભાયાત, તથા પ્રજા વર્ગ, **આખા સ્ટેટમાં વેજીટેરીયનજ છે: માંસાહાર કોઇ કરતું નથી.**
>
> “ એથી વિશેષ જાણી આપ ખુશી થશો કે પોતે ભારતની પવિત્ર [illegible]નાં ચાર ધામની યાત્રા કરી પધાર્યા પછી દારૂનો ઇજારો આપવાનો રીવાજ સને ૧૮૯૬ થી બંધ પાડ્યો છે. એટલુંજ નહિ પણ **સ્ટેટની હદમાં શિકાર કરવાની સ્પષ્ટ મનાઇ કરવામાં આવી છે.** ”

ઉપરના અતિ આવકારદાયક સમાચાર વાંચીને, આપ દયાળુ સાહેબના સ્ટેટમાં જેવી રીતે સતયુગ ફેલાયો છે તેવી રીતે બીજાં તમામ દેશી રાજ્યોમાં પણ જીવદયા સર્વત્ર ફેલાય, તથા બીચારાં નિર્દોષ, નિરાધાર, બીકણ, પશુ પ્યારા પ્રાણ બચાવવામાં આવે એવી મારી પ્રાર્થના છે.

આપ દયાળુ સાહેબ જાણીને ખુશી થશો કે, વિલાયતમાં સેંકડો સાહેબો તથા મડમો માંસ ખાતાં નથી તથા બીજા લોકોને માંસાહારનો ત્યાગ કરવાને બોધ આપવા માટે લંડન, મેન્ચેસ્ટર, એડીનબર્ગ, લિવરપુલ વિગેરે શહેરોમ વેજીટેરીયન મંડળીઓ સ્થાપીછે. અને તે દયાળુ મંડળીઓ ઘણું સ્તુતિપાત્ર કામ કરે છે

**લલ્લુભાઇ ગુલાબચંદ ઝવેરી,**

ઑન. મેનેજર, શ્રી જી. દ. જ્ઞા. પ્ર. ફં. મુંબઈ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## ગ્રાહકોને સૂચના.

આ અંક પહોંચ્યા બાદ તરતમાંજ **ધનપાળ પંચાશિકા ને તત્ત્વવાર્તા તથા લક્ષ્મી સરસ્વતીના સંવાદની** બંને બુક ભેટ તરીકે મોકલવાનું શરૂ કરવામાં આવશે. જેમણે લવાજમ મોકલ્યું નહીં હોય તેમને રૂ. ૧-૫-૦ ના વેલ્યુ૦થી મોકલવામાં આવશે. લવાજમનો રૂ. ૧। મોકલનારને બીન પોસ્ટેજે મોકલવામાં આવશે. બુક બંને બહુજ ઉપયોગી છે. તેથી વેલ્યુ૦ આવેથી તરતજ સ્વીકારી લેવા કૃપા કરવી. એક વર્ષથી વધારે લવાજમ લેણું હશે તો તે પણ વેલ્યુ૦ની અંદર મંગાવી લેવામાં આવશે. તેથી જ્ઞાન ખાતાના દોષમાં ન રહેવા માટે તેનો તરતજ સ્વીકાર કરવાનું ધ્યાનમાં રાખવું.

---

## પન્યાસજી શ્રી પ્રતાપવિજયજીનો સ્વર્ગવાસ.

આ મહા પુરુષ ચાલતા વર્ષના પોસ વદ ૦)) ને ઊંઝા ગામે કાળધર્મ પામ્યા છે. એમનું વય ૫૭ વર્ષનું હતું. દીક્ષા પર્યાય ૩૯ વર્ષનો હતો. મુનિરાજ શ્રી ગુમાનવિજયજીના શિષ્ય હતા. સં. ૧૯૪૨ માં ગણિપદ અને સં. ૧૯૪૪ માં પંન્યાસ પદવી પ્રાપ્ત કરી હતી. સ્વભાવે શાંત હતા. ક્રિયામાર્ગમાં-ચારોમાં કુશળ હતા. યોગોદ્વહન અને ઉપધાનાદિ ક્રિયા કાયમ તેમની પાસે ચાલ્યાજ કરતી હતી. તેમણે ઘણા સાધુ સાધ્વીને યોગ વહેવરાવ્યા છે અને ઘણી જગ્યાએ ઉપધાન વહેવરાવ્યા છે. અમદાવાદમાં પાંચ વખત તેમણે ઉપધાન વહે-રાવ્યા હતા. અમદાવાદ ખાતે તેઓ લુહારની પોળના ઉપાશ્રયે રહેતા હતા. કાઠી-આવાડ ગુજરાત, અને મારવાડમાં સાથે વિચરતા હતા. તારંગાજી તીર્થ ઉપર અત્યંત ભક્તિભાવ હતો. તે તીર્થના જીર્ણોદ્ધાર માટે તેઓ સતત ઉપદેશ આપતા હતા. એ તીર્થની અત્યારે જે અપૂર્વ શોભા થયેલી છે તે એઓ સાહેબ... ઉપદેશનુંજ પરિણામ છે. પંન્યાસજી શ્રી ગંભીરવિજયજી સાથે એમને ઘણો પ્રેમભાવ હતો. તેમના સ્વર્ગવાસની હકીકત તેઓ સાહેબે ઊંઝામાં સાંભળી દેવવંદન કર્યું હતું અને ઘણો ખેદ દર્શાવ્યો હતો. ત્યાર પછી ૪-૫ દિવસમાંજ તેઓ સાહેબ પણ સ્વર્ગવાસી થયા છે. અને સ્વર્ગમાં પાછો મિત્રભાવ જાળવવા ગયા હોય એમ જણાય છે. ગુજરાત ખાતે આ મહાત્માની પણ ખામી આવી પડી છે. પરંતુ કાળની ગતિ દુરતિક્રમ હોવાથી શાંતિ ધારણ કરવી એજ કર્ત્તવ્ય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## શ્રી મોહનલાલજી જૈન સેન્ટ્રલ લાઇબ્રેરી.

આ લાઇબ્રેરી મુંબઇ શહેરમાં લાલબાગની અંદર ખોલવામાં આવી છે. તેની સાથે સંસ્કૃત પાઠશાળા પણ ખોલવામાં આવી છે. આ લાઇબ્રેરી અને પાઠશાળાનો સને ૧૯૧૦–૧૧નો રીપોર્ટ બહાર પડયો છે, તે વાંચી જોતાં ઘણો આનંદ થાય છે. જૈન વર્ગમાં આટલા મોટા ફંડવાળી બીજી કોઇ પણ લાઇબ્રેરી હોય તેમ જણાતું નથી. આ ઉત્તમ કાર્યને અંગે શેઠ દેવકરણભાઇ મુળજીનો પ્રયાસ ઘણો ઉદારતા ભરેલો અને સ્તુત્ય છે. બાબુ સાહેબ જીવણલાલ પનાલાલ પણ એ કાર્ય પરત્વે બહુ સારૂં લક્ષ આપતા જણાય છે. મેનેજીંગ કમીટી લાયક ગૃહસ્થોની બનેલી છે. લાઇબ્રેરીની વ્યવસ્થા શ્રેષ્ઠ છે. પુસ્તકોનો સંગ્રહ થતો જાય છે. મુનિરાજની સહાયથી લખેલા પુસ્તકોનો પણ સારો સંગ્રહ થવા સંભવ છે. મુંબઇ ખાતે આ લાઇબ્રેરીનો લાભ બહુ સારો લેવાય છે. કેટલેક દરજ્જે આ લાઇબ્રેરીએ એક ખોટ પૂરી પાડી છે. તેની નાણા સંબંધી સ્થિતિ તપાસતાં લગભગ પોણો લાખ રૂપીઆ થયેલા છે પરંતુ હજુ પ્રયાસ શરૂ હોવાથી લાખ રૂપીઆ ઉપરાંત એકંદર ફંડ થવા સંભવ છે. મુનિરાજ શ્રી મોહનલાલજી મહારાજના ભક્તિમાન શ્રાવકોએ સારી ઉદારતા બતાવી છે તો પણ કેટલાક શ્રાવકોમાં મંદતા દ્રષ્ટિગોચર થાય છે. અમે આ લાઇબ્રેરીની ઉન્નત દશા ઇચ્છીએ છીએ. મનુષ્ય જીંદગીની સફળતા આવા કાર્યોથીજ છે.

પ્રાંતે એક આવશ્યક સૂચના કરીએ છીએ કે આવી શ્રેષ્ઠ લાઇબ્રેરી માટે ખાસ મકાનની આવશ્યકતા છે. મુંબઇના ગૃહસ્થો ધારશે તો તે બની શકે તેવું છે માટે બાબુ સાહેબ જીવણલાલભાઇ તથા શેઠ દેવકરણભાઇ વિગેરે આ સૂચના પર લક્ષ આપી લાઇબ્રેરીને વિશેષ સ્થાયી કરવા સારૂ યોગ્ય મકાનની ગોઠવણ કરશે એમ આશા રાખીએ છીએ.

---

## श्रीकर्मप्रकृति ग्रंथ.

### શ્રી મલયગિરિજી કૃત ટીકા સંયુક્ત

આ કર્મના સંબંધનો અપૂર્વ ગ્રંથ છે. કર્મગ્રંથ કરતાં ઉંચી હદનું જ્ઞાન આમાં સમાવેલું છે. છપાવવાની અંદર શુદ્ધતાને માટે પંન્યાસજી આણંદસાગરજી મહારાજનો ખાસ પ્રયાસ છે. તેનું પૂર સાતહજાર શ્લોક ઉપરાંતનું હોવાથી તેના ફારમો ૭૬–૩૭ થયાં છે. ગ્રંથ છપાઇ રહેવા આવ્યો છે માત્ર એક બે ફારમજ બાકીમાં છે કોઇ ગૃહસ્થને લાભ લેવા ઇચ્છા હોય તો એની અંદર (ખર્ચ સુમારે રૂ. ૮૦૦) થવા સંભવ છે જ્ઞાનદાનની અભિલાષાવાળાએ ઇચ્છાનુસાર લખી જણાવવું. જે વહેલો તે પહેલો. આવી તૈયાર રસવતી મળવી મુશ્કેલ છે તે ખાસ ધ્યાનમાં રાખવું.

For Private And Personal Use Only